# ઇસ્લામી તાલીમ

# (ભાગ-૪)

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય : પાઠની વિગત | પાના નંબર |
|---|---|---|
| | વિભાગ – ૧<br>દીનિયાત | |
| ૧ | તવહીદ અને અદાલત : વિગતવાર દલીલો | ૭ |
| ૨ | નબુવ્વત વિશેની દલીલ | ૧૩ |
| 3 | ઈમામત | ૧૮ |
| ૪ | ફરિશ્તાઓ અને તેમના કાર્ય | ૨૫ |
| ૫ | ગુસ્લ (નહાવું - સ્નાન કરવું) | ૨૮ |

| | | |
|---|---|---|
| ૬ | મુબ્તેલાતે નમાઝ (નમાઝને બાતીલ કરનારી બાબતો) | ૩૩ |
| ૭ | મુકદ્દમાતે નમાઝ | ૩૯ |
| ૮ | વાજીબાતે નમાઝ | ૪૬ |
| ૯ | રોઝા (સવ્મ) | ૫૧ |
| ૧૦ | નજાસાત | ૫૭ |
| ૧૧ | મુતહ્હેરાત (પાક કરનારી વસ્તુઓ) | ૫૯ |
| ૧૨ | વઝુને તોડનારી બાબતો | ૬૫ |
| | **વિભાગ – ૨**<br>**અખ્લાકિયાત** | |
| ૧ | કપડા કેવા પહેરવા જોઈએ | ૬૭ |
| ૨ | હિજાબનું મહ્ત્વ | ૭૦ |

| | | |
|---|---|---|
| 3 | મદ્રેસા, ઇમામવાડા અને સ્કૂલના આદાબ | ૭૫ |
| ૪ | ઘરમાં જાળવવાના આદાબ | ૭૮ |
| ૫ | મહેમાન થવાના આદાબ | ૮૧ |
| ૬ | જુદા જુદા વિષયની કુરઆનની આયતો અને હદીસો | ૮૪ |
| ૭ | માં-બાપ, દોસ્તો અને શિક્ષકો | ૮૯ |
| | **વિભાગ – 3**<br>**ઈતિહાસ** | |
| ૧ | ઈમામ અલી (અલય્હિસ્સલામ) | ૯૯ |
| ૨ | જનાબે ફાતેમા | ૧૪3 |

| | | |
|---|---|---|
| | (અલય્હિસ્સલામ) | |
| 3 | હઝરત ઈમામ હસન (અલય્હિસ્સલામ) | ૧૬૨ |
| ૪ | ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) | ૧૮૮ |
| ૫ | કરબલાનો બનાવ | ૨૦૮ |
| ૬ | કરબલાના બનાવથી મળતો બોધપાઠ | ૨૨૧ |
| ૭ | અહ્લુલ - કિસા વચ્ચે સંબંધ | ૨૨૩ |
| ૮ | ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) | ૨૨૯ |

# વિભાગ પહેલો

# દીનિયાત

## (૧) તવહીદ અને અદાલત : વિગતવાર દલીલો

### છઠા ઈમામના અસહાબ બેહલુલ દાનાની વાર્તા :

જેમાં ખુદા હોવા વિષે અને ખુદા ઇન્સાફ કરનારો છે તેનું વર્ણન થયું છે. છઠ્ઠા ઈમામ (અલય્હિસ્સલામ)ના વખતમાં એક ખુબ જ વિદ્વાન વૃધ્ધ માણસ હતા. જેમનું નામ બેહલુલ હતું. તેઓ એક જગ્યાએ ગયા. જ્યાં

અબુ હનીફા (જેઓ છઠ્ઠા ઈમામ અલય્હિસ્સલામના વિદ્યાર્થી હતા.) ભાષણ આપતા હતા કે ઈમામ (અલય્હિસ્સલામ)ની ત્રણ માન્યતાઓ તેમની અબુ હનીફાની સમજમાં આવતી નથી.

પહેલું :- શયાતાન જે આગથી બનેલો છે તે આગમાં કેવી રીતે સળગી જશે. કારણ કે દોઝખ આગથી બનેલી છે. તો આગ આગને કેમ બાળી શકશે ?

બીજું :- કોઈ વસ્તુ જે હયાત (જીવતી) હોય અને તે દેખાઈ શકે નહી તેવું કેમ બની શકે ? ખુદાને કયામતના દિવસે પણ જોઈ શકાશે નહિ તે કઈ રીતે શક્ય હોઈ શકે ?

ત્રીજું :- સારા અને ખરાબ અમલ ઇન્સાન પોતે કરે છે, આ અમલ અલ્લાહ પોતે જ આપણી પાસે કરાવે છે તો પછી અલ્લાહ ખરાબ કામ માટે સજા આપે તો તેનો ઇન્સાફ ક્યાં રહ્યો ?

આ સવાલ સાંભળીને બેહલુલદાના બહાર ગયા. તેમણે એક પત્થર લઈને અબુ હનીફાના માથા પર માર્યો. અબુ હનીફાના માથામાંથી લોહી નીકળવા લાગ્યું. એટલે તરત ઘણા માણસો ભેગા થઇ ગયા. લોકોએ બેહલુલ દાનાને પકડી લીધા. અબુ હનીફાએ બેહલુલને પૂછ્યું કે : તમે મને પત્થર શા માટે માર્યો ? ત્યારે બેહલુલે જવાબા દીધો :

‘હમણા તમે એમ કહેતા હતા કે શયતાન આગથી બનેલો છે તો તેને જહન્નમ કેવી રીતે બાળશે ? અલ્લાહે ઇન્સાનને પાણી અને માટીથી બનાવેલ છે. અને આ માટીનો પત્થર પાણી અને માટીથી બનેલ છે, તો પત્થરે તમને કેવી રીતે ઈજા પહોચાડી ? તો તમારો દુ:ખાવો મને બતાવો, તમને કઈ રીતે દુ:ખે છે, તે મને દેખાતું નથી.’ અબુ હનીફાએ આશ્ચર્ય પામતા કહ્યું, ‘શું દુ:ખાવો જોઈ શકાય તેવી વસ્તુ છે ? આપણને દુ:ખાવાનો અનુભવ થાય છે પણ દુ:ખાવાને આપણે જોઈ શકતા નથી.’ બેહલુલે જવાબ આપ્યો, ‘હમણા જ તમે વિવાદ કરતા હતા કે ખુદા

હયાત છે અને દેખાતો કેમ નથી ? તો જેવી રીતે તમને દુ:ખાવો દેખાતો નથી તેવી જ રીતે ખુદા દેખાતો નથી અને દેખાશે પણ નહી. ત્રીજું તમારા કહેવા પ્રમાણે હું ગુનેહગાર નથી, ખુદા ગુનેહગાર છે. કારણ કે તમોએ હમણાં જ કહ્યું કે અલ્લાહ ઈન્સાનની પાસે બધું સારૂં અને ખરાબ કામ કરાવે છે. હવે જયારે તમે જ કહો છો કે ખુદા જ બધું સારૂં અને ખરાબ કામ કરાવે છે તો આ કામ ખુદાનું જ છે. તેથી તમે મારા આ કામ માટે સજા કરી શકશો નહી.'

આ સાંભળી અબુ હનીફા કાઈ જવાબ ન આપી શક્યા અને બેહલુલ દાનાને સજા કર્યા વગર છોડી દીધા.

પ્રશ્નો :

(૧) અબુ હનીફાની માન્યતા શું હતી ?

(૨) આ વાર્તાથી શું બોધપાઠ મળે છે ?

(૩) બેહલુલ દાનાએ અબુ હનીફાની ખોટી માન્યતાનો જવાબ કેવી રીતે આપ્યો?

# (૨) નબુવ્વત વિશેની દલીલ

જે માણસ અલ્લાહનો સંદેશો લાવે તેને નબી (પયગંબર) કહેવાય છે. અને જે સંદેશો તેઓ લાવે અથવા શીખવે તેને મઝહબ કહેવામાં આવે છે. અલ્લાહ તઆલાએ ઇન્સાનને ઇલાહી કાયદા શીખવવા માટે ૧,૨૪,000 (એક લાખ ચોવીસ હજાર) નબી મોકલ્યા. નબીઓ બે પ્રકારના હતા. રસુલ અથવા ઉલુલ અઝમ પયગંબરો. તેઓ મઝહબના નવા કાયદા લાવતા અને જુના કાયદા રદ થઇ જતા. જયારે નબી ફક્ત

તેઓની પહેલાના જે રસૂલો કાયદા લાવ્યા હોય તેની ઉપર અમલ કરતા હતા.

### ઉલુલ અઝમ પયગંબરો નીચે મુજબ છે:

(૧) નબી નુહ (અલય્હિસ્સલામ)

(૨) નબી ઇબ્રાહિમ (અલય્હિસ્સલામ)

(3) નબી મુસા (અલય્હિસ્સલામ)

(૪) નબી ઈસા (અલય્હિસ્સલામ)

(૫) નબી મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

પહેલા નબી :- પહેલા નબી હઝરત આદમ (અલય્હિસ્સલામ) હતા અને છેલ્લા નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) જેઓ મઝહબે ઇસ્લામ

લઈને આવ્યા હતા અને જે મઝહબ કયામત સુધી બાકી રહેનાર છે. અલ્લાહની જે કિતાબો રસૂલો પર નાઝિલ થઇ હતી તેના નામ નીચે મુજબ છે :

(૧) ઝબુર - હઝરત દાઉદ (અલય્હિસ્સલામ) ઉપર નાઝિલ થઇ હતી.

(૨) તવરેત - હઝરત મુસા (અલય્હિસ્સલામ) ઉપર નાઝિલ થઇ હતી.

(3) ઇન્જીલ - હઝરત ઈસા (અલય્હિસ્સલામ) ઉપર નાઝિલ થઇ હતી.

(૪) કુરઆન હઝરત મોહમ્મદ મુસ્તુફ઼ા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર નાઝિલ થઇ હતું.

કુરઆને પાકમાં હઝરત ઇબ્રાહીમ (અલય્હિસ્સલામ) ઉપર નાઝીલ થયેલ કિતાબ અથવા કેતાબોનું વર્ણન છે. ઇસ્લામની નવી શરીયત કુરઆન મારફત આવી. કુરઆન નાઝીલા થયા પછી અગાઉની બધી કિતાબો રદ કરવામાં આવી. નબીઓનું માઅસુમ હોવું બહુજ જરૂરી હતું અને તેથી જ નબીની નિમણુંક અલ્લાહ સિવાય બીજું કોઈ કરી શકે નહિ. નબીઓ કોઈ વખત મોઅજીઝા બતાવતા હતા. દાખલા તરીકે ખુદાની મરજીથી મુસા (અલય્હિસ્સલામ)ની લાકડીમાંથી સાપ થઇ ગયો અને પછી તે સાપમાંથી લાકડીના મૂળ

સ્વરૂપમાં આવી ગઈ હતી. અલ્લાહની મરજીથી હઝરત ઈસા (અલય્હિસ્સલામ) મરેલા માણસને પાછો જીવાતો કરી શકતા હતા.

સૌથી શ્રેષ્ઠ અને કયામત સુધી રહેનાર મોઅજિઝો કુરઆને પાકા છે. કુરઆને પાક જે સ્વરૂપમાં નાઝિલ થયું હતું તે સ્વરૂપમાં આજે પણ મોજુદ છે. તેમાંનો એક પણ અક્ષર આજ દિવસ સુધી બદલાયો નથી. અને તેમાં એક નુકતાનો પણ ફેરફાર થયો નથી. જેમકે કુરઆને પાકમાં ૪૮,૮૭૨ અલીફ અને ૧૧,૪૨૮ બે (બા) વગેરે અક્ષરોની સંખ્યા એમજ રહી છે.

પ્રશ્નો :

(૧) નબુવ્વત વિશેની દલીલ શું છે ?

(૨) નબીની નીમણુંક કોણ કરી શકે ?

(૩) સૌથી શ્રેષ્ઠ મોઅજીઝો શું છે ? તેની શું વિશેષતા છે ?

## (3) ઈમામત

ઈમામ એટલે રસૂલના વારસ. ખુદાવંદે આલમ બંદાઓની હિદાયત માટે એક પછી એક નબી મોકલતો રહ્યો. સહુથી છેલ્લે આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

આવ્યા. તેમના પછી કોઈ નબી આવ્યા નથી અને આવશે પણ નહી. પરંતુ બંદાઓની હિદાયતનો સિલસિલો ચાલુ રાખવો જરૂરી હતો. જેથી લોકો માટે એ જરૂરી હતું જેના થકી તેઓ હિદાયત મેળવતા રહે અને ગુમરાહીથી બચતા રહે. તેથી નબુવ્વત ખત્મ થયા પછી અલ્લાહે બંદાઓની હિદાયત માટે ઈમામોને મોકલ્યા. આપણા ઇમામો બાર છે. જેમાં પહેલા હઝરત અલી (અલય્હિસ્સલામ) અને છેલ્લા જે ગાયબ છે તે હઝરત ઈમામ મહેદી (અલય્હિસ્સલામ) છે. બાર ઈમામોની ઇમામત પૂરી થયા બાદ દુનિયા ખત્મ થઈ જશે અને કયામત આવી જશે. ઈમામત

ઉસુલેદીનમાં છે. તેને ન માનનાર ઈમાન સાથે મરતો નથી. અને મરણ બાદ જન્નતમાં પણ જી શકતો નથી. ખુદાનો કોલા છે કે, “કયામતના દિવસે અમે દરેક ઇન્સાનને તેના ઈમામની સાથે બોલાવશું.”

આ વાતથી સાબિત થાય છે કે કયામતના દિવસે ફક્ત એજ સવાલ નહિ પુછાય કે, ‘તમારો ખુદા કોણ છે ?’ ‘તમારો રસુલ કોણ છે ?’ પરંતુ મોટો સવાલ એ પણ હશે કે ‘તમારો ઈમામ કોણ છે ?’ એટલા માટે ઈમામને જાણવા અને માનવા જરૂરી છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવતા

હતા, કે “હું તમારી વચ્ચેથી વિદાય થઇ રહ્યો છું. પણ તમને બે વસ્તુ સોપતો જાઉં છું તે બે કિંમતી વસ્તુઓ છે, એક ખુદાની કિતાબ (કુરઆને મજીદ) અને બીજું મારી એહલેબયત (અલય્હેમુસ્સલામ). તમો જો આ બંનેને સાથે રાખશો તો હંમેશા સીધા રસ્તા પર રહેશો.” કયામત સુધી દીને ખુદા અને કુરઆને શરીફનું બાકી રહેવું જરૂરી છે, તો શરીઅત અને સુન્નતની રખેવાળી કરવા માટે પણ અમુક રક્ષકો હોવા જોઈએ. બાર ઈમામોને એટલા જ માટે નક્કી કરવામાં આવ્યા છે કે તેઓ નબીના દિનને જાળવી રાખે. ઈમામોમાં ૩૦ ગુણો છે. જેનાથી તેઓને

ઓળખી શકાય છે. ઈમામ જ્ઞાની (આલીમ), ઈન્સાનોમાં સર્વશ્રેષ્ઠ, દીન અને દુનિયાના સંપૂર્ણ રીતે હાકિમ, હાશમી ખાનદાનમાંથી સૌથી બહાદૂર વ્યક્તિ હોય છે. તેઓમાં દરેક પ્રકારની શ્રેષ્ઠતા હોય છે. નબીની જેમ વ્યક્તિગત, કૌટુંબિક, શારીરિક, જાહેરી તથા આંતરિક પ્રકારની તમામ ખોડખાંપણ કે ખામી વિનાનાં, દરેક એબથી પાક, મોંઅજીઝાનુંમાં એટલે કે મોઅજીઝો કરવાને શક્તિ ધરાવતા હોય છે. તેઓનો પડછાયો હોતો નથી.

## બાર ઇમામોના નામ નીચે મુજબ છે :

(૧) હઝરત ઈમામ અલી ઇબ્ને અબી તાલીબ (અલ મુરતઝા) (અલય્હિસ્સલામ)

(૨) હઝરત ઈમામ હસન ઇબ્ને અલી (અલ મુજતબા) (અલય્હિસ્સલામ)

(3) હઝરત ઈમામ હુસૈન ઇબ્ને અલી (અશ્શહિદ) (અલય્હિસ્સલામ)

(૪) હઝરત ઈમામ અલી ઇબ્ને હુસૈન (અસ્સજ્જાદ) (અલય્હિસ્સલામ)

(૫) હઝરત ઈમામ મોહમ્મદ ઇબ્ને અલી (અલ બાકિર) (અલય્હિસ્સલામ)

(૬) હઝરત ઈમામ જાફર ઇબ્ને મુહમ્મદ (અસ્સાદિક) (અલય્હિસ્સલામ)

(૭) હઝરત ઈમામ મુસા ઇબ્ને જાફર (અલ કાઝીમ) (અલય્હિસ્સલામ)

(૮) હઝરત ઈમામ અલી ઇબ્ને મુસા (અરરીઝા) (અલય્હિસ્સલામ)

(૯) હઝરત ઈમામ મોહમ્મદ ઇબ્ને અલી (અત્તકી) (અલય્હિસ્સલામ)

(૧૦) હઝરત ઈમામ અલી ઇબ્ને મુહમ્મદ (અન્નકી) (અલય્હિસ્સલામ)

(૧૧) હઝરત ઈમામ હસન ઇબ્ને અલી (અલ અસ્કરી) (અલય્હિસ્સલામ)

(૧૨) હઝરત ઈમામ મોહમ્મદ ઇબ્ને હસન (અલ મહદી) (અલય્હિસ્સલામ)

પ્રશ્નો :

(૧) ઈમામ (અલય્હિસ્સલામ)ની શું જરૂર છે?

(૨) ઈમામ (અલય્હિસ્સલામ)માં કયા ગુણ હોવા જરૂરી છે ?

## (૪) ફરિશ્તાઓ અને તેમના કાર્ય

જેવી રીતે ખુદાએ જમીન પર ઇન્સાનને માટીથી પેદા કર્યો, તેવી જ રીતે નૂરથી એક મખ્લુક પેદા કરી છે. જેને ફરિશ્તા કહેવામાં આવે છે. ફરિશ્તાઓ પહેલેથી જ માઅસુમ

હોય છે. તેમનાથી કોઈ ભૂલચૂક થતી નથી. ફરિશ્તાઓ હંમેશા ખુદાની ઇબાદતમાં મશગુલ હોય છે. કોઈ રૂકુઅમાં હોય છે તો કોઈ સજદામાં હોય છે. તો કોઈ ક્યામમાં, તો કોઇ તસ્બીહમાં હોય છે. ફરિશ્તાઓને ખુદાએ જુદા જુદા કામો માટે પેદા કર્યા છે. કોઈને જમીનના કામોની વ્યવસ્થા સોંપી છે, તો કોઈને આસમાનની. કોઈને પાણી ઉપર નિયુક્ત કર્યા છે, તો કોઈને હવા પર. આ ફરિશ્તાઓમાં ચાર ફરિશ્તાઓ વધારે વિખ્યાત છે. જેના નામો નીચે મુજબ છે.

(૧) જિબ્રઈલ : જેઓ આપણા નબી (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ખુદા તરફથી વહી (હુકમ) પહોચાડતા હતા.

(૨) મિકાઈલ : જે બંદાઓની રોજી બંદાઓ સુધી પહોચાડે છે.

(૩) ઇઝરાઈલ : જેમનું કાર્ય લોકોની રૂહ કબ્ઝ કરવાનું છે જેના કારણે લોકો મૃત્યુ પામે છે. ઈઝરાઈલ મલેકુલ મૌત (મૌતનાં ફરિશ્તા) તરીકે પણ જાણીતા છે.

(૪) ઈસરાફિલ : આ ફરિશ્તા કયામતના દિવસે એક રણશીંગુ (સૂર) ફૂંકશે. જેના કારણે આખી દુનિયા (સંસાર)ની દરેક જીવંત વસ્તુઓ નાશ પામશે. અને ફરી એક સૂર

ફૂંકશે ત્યારે મૃત્યુ પામેલા લોકો કયામતના દિવસે હિસાબ આપવા માટે ફરી જીવતા થશે.

પ્રશ્નો :

(૧) ફરિશ્તાઓનાં નામ અને તેમના કામ જણાવો.

(૨) ફરિશ્તાઓ શેનાથી પેદા કરવામાં આવ્યા છે ?

## (૫) ગુસ્લ (નહાવું - સ્નાન કરવું)

### વાજિબ ગુસ્લનાં સાત પ્રકાર છે :

(૧) જનાબત (૨) મય્યત (3) મસે મય્યત (મુર્દાને સ્પર્શ કરવું) (૪) નઝર,

કસમ અને અહદનું ગુસ્લ (૫) હયઝ (૬) નીફાસ (૭) ઇસ્તેહાઝા.

નોંધ : ઉપર જણાવેલ ગુસ્લોથી ૩ ગુસ્લ જે હયઝ, નીફાસ અને ઇસ્તેહાઝાનું ગુસ્લ છે તે ફક્ત સ્ત્રીઓ માટે છે.

## ગુસ્લ કરવાની રીત :

ગુસ્લના બે પ્રકાર છે (૧) ગુસ્લે તરતીબી (૨) ગુસ્લે ઈરતેમાસી.

(૧) ગુસ્લે તરતીબી :- ગુસ્લે તરતીબી કરતા પહેલા શરીર પરથી મેલ, ચીકાશ વગેરે દૂર કરી શરીરને પાક કરવું જોઈએ. ત્યારપછી પહેલા નિય્યત કરવામાં આવે.

“ગુસ્લ કરૂં છું કુરબતન એલલ્લાહ” ત્યારપછી માથુ તથા ગરદન ધોવે. માથું તથા ગરદન ધોયા પછી શરીરનો અડધો જમણો ભાગ ગરદનથી પગ સુધી ધોવે અને પછી તેજ પ્રમાણે ડાબો ભાગ ધોવો જોઈએ. આ પ્રમાણે ધોતી વખતે શરીરના બધાજ ભાગોમા પાણી પહોચી જાય તે જરૂરી છે આ પ્રમાણે ગુસ્લ કરવું વધારે સારૂં છે. માથું અને ગરદન ધોતી વખતે માંથા અને ગરદન ઉપરાંતનો થોડો વધારે હિસ્સો ધોવે. તેવીજ રીતે શરીરનો જમણો ભાગ ધોતી વખતે ડાબા ભાગનો થોડો હિસ્સો અને ડાબો ભાગ ધોતી વખતે જમણા ભાગનો થોડો હિસ્સો ધોવો જોઈએ.

જેથી એ વાતની ખાત્રી થઇ જાય કે જેટલુ ધોવું વાજિબ હતું તે ધોવાઈ ગયું છે. જો ગુસ્લે તરતીબી પાણીના હોજ, નદી અથવા દરિયામાં કરવું હોય તો પણ આ રીતે જ ગુસ્લ કરી શકાય છે. જેમાં ત્રણેય વખત ડૂબકી મારવી જોઈએ. પહેલા માથાની નીય્યતથી, બીજી વખત જમણા ભાગની નીય્યતથી અને ત્રીજી વખત ડાબા ભાગની નીય્યતથી ડૂબકી મારવી જોઈએ.

(૨) ગુસ્લે ઈરતેમાસી :- આ ગુસ્લ ફક્ત હોજ, નદી અથવા દરિયામાં કરી શકાય છે. આ ગુસ્લની રીત એ છે કે નિય્યત કરીને આખું

શરીર પાણીમાં ડૂબી જાય અને શરીરનો કોઈ ભાગ પાણીની બહાર ના રહે તેવી રીતે પાણીમાં ડૂબકી મારવી. રોઝાની હાલતમાં ગુસ્લે ઈરતેમાસી કરી શકાતું નથી.

પ્રશ્નો :

(૧) ગુસ્લે તરતીબી કઈ રીતે કરી શકાય ?

(૨) ગુસ્લે તરતીબી દરિયામાં કઈ રીતે થઇ શકે ?

(૩) ગુસ્લે ઈરતેમાસી ક્યારે થઇ શકતું નથી?

# (૬) મુબ્તેલાતે નમાઝ

## (નમાઝને બાતીલ કરનારી બાબતો)

નમાઝને તોડનારી બાબતો બાર છે. જેનાથી નમાઝ બાતિલ થાય છે. અને નમાઝ ફરીથી અદા કરવી પડે છે. [મ.નં ૧૧૩૫]

(૧) કોઈ એવું હદસ (જે જાણી જોઇને થાય કે અજાણતાથી) જાહેર થાય તો તેનાથી વાઝું બાતિલ થઇ જાય છે અથવા ગુસ્લ વાજિબ થાય છે. કારણ કે હદસથી તહારત જતી રહે છે અને તહારત વગર નમાઝ અદા થઇ નથી શકતી. [મ.નં ૧૧૩૫ (૨)]

(૨) આખું શરીર કિબ્લાની દિશાથી ફરી જાય તો નમાઝ બાતિલ થાય છે. [મ.નં ૧૧૩૫ (૫)]

(૩) નમાઝની હાલતમાં એવા કામ કરવા કે જે નાજાએજ હોય અથવા જે કામ કરવાથી નમાઝની હાલત બાકી ન રહે. (નમાઝનું સ્વરૂપ બદલાઈ જાય) જેમકે નાચવું - કુદવું, તાળી પાડવી, એટલી બધી વાર ચુપ રહેવું કે નમાઝની હાલતમાં નથી તેવું લાગે. આમ કરવાથી નમાઝ બાતિલ થાય છે.

(૪) કલામ : નમાઝની હાલતમાં દુઆ અને ઝિક્રે ઈલાહે સિવાય બીજા કોઈ અર્થવાળા શબ્દ બોલવાથી નમાઝ બાતીલ થઇ જાય છે.

દોઆ વિગેરે પઢવામાં આવે તે અલ્લાહ તાઆલાને સંબોધીને હોવી જોઈએ. કોઈ માણસને સંબોધીને દોઆ કરવી નાજાએજ છે. જે માણસ નમાઝ પઢતો હોય તેણે સલામની શરૂઆત ન કરવી જોઈએ. પરંતુ કોઈ માણસ નમાઝ પઢી રહયો હોય ત્યારે સલામ કરે તો તુરતજ તેને સલામુન અલયકુમ કહીને જવાબ દેવો જોઈએ. અલયકુમ સલામ કહેવું, વ્યાજબી નથી. સલામ કરનારે જે શબ્દોમાં સલામ કરી હોય તેજ શબ્દોમાં જવાબ આપવો જોઈએ. [મ.નં ૧૧૪૦ (૬), ૧૧૪૬ ]

(૫) ખડખડાટ હસવું : નમાઝની હાલતમાં અવાઝથી (ખડખડાટ) હસવાથી નમાઝ

બાતીલ થાય છે. સ્મિત કરવામાં અથવા માંલકાવામાં કોઈ વાંધો નથી. [મ.નં ૧૧૫૯ (૭)]

(૬) ગિર્યા - બુકા (રૂદન વિલાપ) : નમાઝમાં સાંસારિક ગમ (દુનિયાના દુ:ખોને) કારણે રડવાથી નમાઝ બાતિલ થઇ જાય છે. પરંતુ ખુદાની મોહબ્બત અથવા ખુદાના ખૌફથી રડવામાં અથવા હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નાં ગમમાં ખુદાની ખુશનુદી માટે રડવું જાએઝ છે. [મ.નં ૧૧૬૦ (૮)]

(૭) નમાઝની હાલતમાં જાણી જોઇને અથવા ભૂલથી ખાવું પીવું નાજાએજ છે. અને તેનાથી

નમાઝ બાતિલ થાય છે. [મ.નં ૧૧૬૨ (૧૦)]

(૮) તકફિર : નમાઝની હાલતમાં હાથ બાંધવા ઇસ્લામી શરીઅતનાં કાયદા પ્રમાણે નાજાએજ છે. તેથી હાથ બાંધીને નમાઝ પઢવી જાએઝ નથી. [મ.નં ૧૧૩૮ (૩)]

(૯) નમાઝ પઢતા વખતે સૂરએ હમ્દ પૂરો થવા પછી આમીન કહેવું. (આલે મોહમ્મદની ફિકહ પ્રમાણે) (અમુક અપવાદરૂપ સંજોગો સિવાય) નાજાએઝ છે. [મ.નં ૧૧૩૯ (૪)]

(૧૦) જો નમાઝ દરમ્યાન, નમાઝ સહીહ હોવાને કોઈ શરત બાકી રહી જવા પામે, જેમ કે એ વાત યાદ આવે કે નમાઝમાં જે કપડા

પહેરેલા છે તે ગસ્બી છે તો નમાઝ બાતિલ થાય છે. [મ.નં ૧૧૩૫ (૧)]

(૧૧) જો ચાર રકાતની નમાઝમાં પહેલી રકાતમાં શંકા થાય અથવા તો બે રકાતની વાજિબ નમાઝ (નમાઝે સુબ્હ) અથવા મગરીબની નમાઝમાં શક આવે તો નમાઝ બાતિલ થાય છે. [મ.નં ૧૧૬૪ (૧૧)]

(૧૨) નમાઝના રૂકનમાં વાધારો અથવા ઘટાડો કરવાથી નમાઝ બતિલ થાય છે. [મ.નં ૧૧૬૪ (૧૨)]

પ્રશ્ન : કોઈપણ ચાર બાબતો વર્ણવો જેનાથી નમાઝ બાતિલ થાય છે.

# (૭) મુકદ્દમાતે નમાઝ

## નમાઝ પઢવા પહેલા છ બાબતો વાજિબ છે:

(૧) શરીર અને કપડા પાક હોવા જોઈએ. [મ.નં ૮૦૭ ]

(૨) તહારત એટલે કે વઝુ અથવા ગુસ્લ અથવા તય્યમુમ, (જે લાગુ પડે તે) કરવું જરૂરી છે.

(૩) કિબ્લાની દિશા વિશેની જાણકારી હોવી. [મ.નં ૭૮૪ ]

(૪) નમાઝનો સમય એટલે કે નમાઝના નિશ્ચિત સમયની જાણકારી હોવી.

(૫) નમાઝીના કપડા (પુરૂષોએ અને સ્ત્રીઓએ નક્કી થયેલા પ્રમાણમાં શરીરના અંગો છુપાવવા) [મ.નં ૭૯૬ ]

(૬) નમાઝની જગ્યા (નમાઝની જગ્યા પાક અને જાએઝ હોવી જોઈએ. કોઈની ગસ્બી જગ્યામાં નમાઝ પઢવી જાએઝ નથી.) [મ.નં ૮૭૫ ]

કિબ્લો : કિબ્લો એ જગ્યા છે જ્યાં ખાન-એ-કાઅબા આવેલું છે. ખાન-એ-કાઅબા મક્કામાં આવેલુ છે જેને મસ્જીદુલ હરામ પણ કહેવામાં આવે છે. ખાન-એ-કાઅબા સમગ્ર દૂનિયામાં લોકો માટેનો કિબ્લો છે. ખાન-એ-કાઅબા જમીનથી લઈ આસ્માનના અંતર

સુધીનો કિબ્લો છે. ખાન-એ-કાઅબાની આસપાસ રહેતા લોકો માટે કિબ્લાની દિશા જાણવી બહુજ સરળ છે. તે લોકો માટે કાઅબાની સામે ઉભા રહીને નમાઝ પઢવી વાજિબ છે. પરંતુ જે લોકો ખાન-એ-કાઅબાથી દૂર છે તેઓએ ખાન-એ-કાઅબાની દિશા તરફ ઉભા રહીને નમાઝ પઢવી જોઈએ. કિબ્લો કઈ દિશામાં છે તે જાણવાના ઘણા સાધનો છે.

(૧) એ જગ્યાની મસ્જીદ કઈ તરફ બનેલી છે એ જાણવું જોઈએ. જો મસ્જીદ ન હોય તો એ જાણવાની કોશિષ કરે કે એ જગ્યાનાં મુસલમાન કઈ તરફ મોઢું રાખીને નમાઝ

પઢે છે અથવા તો મુસલમાનોની કબ્ર કઈ દિશા તરફ બનેલી છે તે જુએ. અથવા તો બીજા સાધનો કે જેના વડે કિબ્લો જાણી શકાય. દા.ત ધ્રુવ કાંટો (કંપાસ/હોકાયંત્ર) અથવા સ્થાનિક માણસો પાસેથી માહિતી લઈને કીબ્લોની દિશા જાણી શકાય છે.

(૨) જયારે કોઈને કિબ્લો કઈ દિશામાં છે, તેની ખબર ન હોય અને કિબ્લો જાણવા માટે કોઈ ઉપાય ન હોય ત્યારે જે દિશામાં કિબ્લો હોવાનું તેને યકીન હોય તે દિશા તરફ નમાઝ પઢે.

(૩) જો કિબ્લો જાણવાનો કોઈ માર્ગ ના હોય અથવા પ્રયત્નો છતાં કીબ્લાની દિશા જાણવા

ન મળે તો કોઈ પણ એક બાજુએ નમાઝ પઢી લેવી પૂરતી છે. પરંતુ જો પૂરતો સમય હોય તો એક જ  નમાઝ ચારે બાજુ કિબ્લો ગણીને પઢવી જોઈએ. પરંતુ જો પૂરતો સમય ન હોય તો જેટલી વખત શક્ય હોય તેટલી વખત નમાઝ પઢવી જોઈએ.

(૪) જયારે એ વાતનું ગુમાન થાય કે કિબ્લો બે દિશાઓમાંથી કોઈ એક દિશામાં છે, તો બંને દિશાઓ તરફ નમાઝ અદા કરવી જોઈએ.

(૫) જયારે કોઈ એક દિશામાં કિબ્લો સમજીને નમાઝ પઢી હોય અને નમાઝ પડયા પછી જાણ થાય કે કિબ્લો તેની જમણી અથવા

ડાબી બાજુએ અથવા પાછળની દિશામાં હતો અને તેણે નમાઝ જે દિશામાં પડી હતી તે દિશાએથી ૯૦ ડિગ્રીનો ફર્ક છે તો તે નમાઝ ફરીથી બજાવી લાવે અને જો નમાઝનો સમય વીતી ગયો હોય તો તેની કઝા અદા કરવી જોઈએ.

(૬) નમાઝ પઢી લીધા પછી એ વાતની જાણ થાય કે જે દિશા તરફ નમાઝ પઢી હતી તેમાં દિશાનું અંતર (ડેવિએશન) ૯૦ ડિગ્રીથી ઓછું હતું તો તે નમાઝ ફરીવાર પઢવાની જરૂર રહેતી નથી.

(૭) પેશાબ અથવા પાયખાના (સંડાસ) કરતી વખતે કિબ્લા તરફ મુખ અથવા પીઠ કરીને બેસવું હરામ છે.

પ્રશ્નો :

(૧) નમાઝ પઢતા પહેલા કઈ છ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ?

(૨) કિબ્લો કઈ કઈ રીતે જાણી શકાય ?

# (૮) વાજીબાતે નમાઝ

## નમાઝનાં વાજિબાત બધા મળીને ૧૧ (અગિયાર) છે : [મ.નં.૯૫૧]

(૧) નિય્યત : અલ્લાહ પાકની નઝદીકી હાસિલ કરવાના ઈરાદાથી નમાઝ પઢવી.

(૨) તકબીરતુલ એહરામ : નિય્યત કર્યા પછી અલ્લાહો અકબર કહેવું.

(૩) કયામ : ઉભા રહેવું.

(૪) રૂકૂઅ : ગોઠણ સુધી જુકવું.

(૫) સુજુદ - બે સિજદા

(૬) કિરઅત : પહેલી બે રકાતમાં, સુરએ અલહમ્દ (ફાતેહા) તથા સુરએ કુલ હોવલ્લાહ

(ઇખ્લાસ) પઢવું, ત્રીજી તથા ચોથી રકાતમાં તસ્બીહાતે અરબા (સુબ્હાનલ્લાહે વલહમ્દો લીલ્લાહે વલાએલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર) પઢવું.

(૭) ઝીક્ર : રૂકૂઅ તથા સુજુદ વખતે ત્રણ વખત "સબ્હાનલ્લાહ" અથવા રૂકૂઅમાં એક વખત "સુબ્હાન રબ્બેયલ અઝીમે વબેહમ્દેહ" અને સિજદામાં એક વખત "સુબ્હાન રબ્બેયલ અઅલા વબે હમ્દેહ" પઢવું.

(૮) તશહુદ : બીજી અને ચોથી રકાતમાં બંને સજદા પછી પઢવું.

(૯) સલામ : છેલ્લી રકાતમાં તશહુદ પઢયા પછી પઢવું.

(૧૦) તરતીબ : નમાઝનો ઝિક્ર શરિઅતના હુકમ મુજબ એક પછી એક ક્રમવાર પઢવો.

(૧૧) મવાલાત : નમાઝનો ભાગ એક પછી એક નિરંતર અદા કરવા એટલે કે નમાઝના બે બભાગ વચ્ચે કોઈ અંતર ના રહે અથવા એટલી બધી વાર સ્થિર કે ચુપ થઇ જવાય જેના કારણે નમાઝની હાલત બાકી ન રહે.

ઉપર દર્શાવેલ ૧૧ (અગિયાર) વાજીબાતે નમાઝમાંથી પ્રથમ પાંચ રૂકન છે. બાકીના ૬ (છ) ગૈરે રૂકન છે.

રૂકન : એટલે નમાઝમાં જે કાર્યો અદા કરવાના છે તે કાર્યો જાણી જોઇને અથવા

ભૂલથી બજાવી ન લાવે તો નમાઝ બાતીલ થાય છે.

## પાંચ વાજિબ રૂકન નીચે મુજબ છે.

(૧) નિય્યત (૨) તકબીરતુલ એહરામ (૩) કયામ : નિય્યત પછી તકબીરતુલ એહરામ કહેતી વખતે તથા રૂકુએમાં જવા પહેલા સ્થિર ઉભા રહેવું. (૪) રૂકુઅ તથા (૫) બે સિજદા. જો આ પાંચમાંથી કોઈપણ એક રૂકન જાણી જોઇને અથવા ભૂલથી વધારે કે ઓછું થઇ જાઈ તો તેનાથે નમાઝ બાતીલ થઇ જાય છે.

ગૈરે રૂકન : ઉપર જણાવેલ પાંચ રૂકન સિવાયના ક્રમ નં ૬થી ૧૧ સુધી દર્શાવેલ બાબતો ગૈરે રૂકન છે. જો ભુલાથી છોડી દેવાય તો નમાઝ બાતીલ થતી નથી.

નોંધ : (રૂકન અને ગૈરે રૂકનનાં મસાએલ આયતુલ્લાહ સિસ્તાની સાહેબની તવઝીહના મસઅલા નં ૯૫૧ મુજબ.)

પ્રશ્નો :

(૧) તસ્બીહાતે અરબાનો ઝિક્ર કરો.

(૨) વાજિબ રૂકન કોને કહેવાય છે ? અને તે કયા કયા છે ?

(૩) ગૈર રૂકન કેટલા છે ? અને કયા કયા છે?

# (૯) રોઝા (સવ્મ)

(૧) રોઝા (સવ્મ) : સુબ્હ સાદિકથી મગરીબના સમય સુધી અલ્લાહના હુકમ મુજબ ખાવા / પીવા અને રોઝાને તોડનારી વસ્તુઓથી દૂર રહેવાને રોઝા (સવ્મ) કહેવામાં આવે છે.

(૨) માહે રમઝાનનું મહત્વ : શેખ સદ્દુક (અ.ર.) ભરોસાપાત્ર હવાલાથી બયાન કરે છે કે હઝરત ઈમામ રઝા (અલય્હિસ્સલામ)એ તેઓના બાપદાદા પાસેથી સાંભળ્યું. તેઓએ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી બિન અબુતાલીબ (અલય્હિસ્સલામ) પાસેથી

સાંભળ્યું, કે એક દિવસ અલ્લાહ તઆલાના રસુલ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)એ એક ખુત્બામાં આ પ્રમાણે ફરમાવ્યું :

"અય લોકો આ મહિનો (માહે રમઝાન) અલ્લાહનો મહિનો છે. અલ્લાહની કૃપા અને અલ્લાહની અપાર રહેમત લઈને આવ્યો છે. આ મહીનો બીજા બધા મહિનાઓમાં શ્રેષ્ઠ મહિનો છે. આ મહિનાના દિવસો બીજા બધા દિવસોથી અફઝલ છે, આ મહિનાની રાત્રીઓ બીજા બધા મહિનાની રાત્રીઓ કરતા શ્રેષ્ઠ છે. આ મહિનાના કલાકો બીજા કલાકોથી બહેતર છે. આ મહિનામાં

અલ્લાહ તમોને આમંત્રણ આપે છે. આ મહિનામાં તમોને અલ્લાહ પાકની કૃપા અને રહેમત મેળવવાની તક મળી છે. આ મહિનામાં જો તમોએ સાચા દીલથી રોઝા રાખ્યા, જેવી રીતે રોઝા રાખવાનો હક છે, તો તમારા એક એક શ્વાસમાં તસ્બીહનો સવાબ છે, અને તમારૂ સુવું ઈબાદત છે. તમારા નેક અમલમાં બમણો સવાબ છે તમારી દુઆઓ કબૂલ થવાનો આ સમય છે. માટે તમે અલ્લાહની બારગાહમાં સાચા અને ગુનાહોથી પાકા હોય તેવા નિર્મલ દિલથી દુવા કરો અને તે અલ્લાહ પાકની મદદ માંગો કે જે તમોને રોઝો રાખવાની તથા કુરઆને પાકની

તિલાવત કરવાની તૌફીક આપે. ખરેખર, જે ઇન્સાનને આ મહિનામાં અલ્લાહ પાકની રહેમત નસીબ નથી થતી તે બદનસીબ છે. રોઝાની હાલતમાં આવતી કાલના કયામતના દિવસની ભૂખ પ્યાસને યાદ કરો. ગરીબો તથા હાજતમંદોને દાન અને ખૈરાતથી યાદ કરી તેમની મદદ કરો. મોટાઓની ઈઝઝત કરો. નાની વયના બાળકો ઉપર અહેસાન કરો. સગા સંબંધીઓ અને કુટુંબીજનો પ્રત્યે માયાળુ બનો. અસભ્ય શબ્દો બોલવાથી તમારી જીભનું રક્ષણ કરો. જે વસ્તુઓ જોવાની મનાઈ કરવામાં આવી છે તેનાથી તમારી આંખોનું રક્ષણ કરો. જે વાત

સાંભળવાની શરીઅતમાં મનાઈ કરવામાં આવી હોય તેવા અવાજ સાંભળવાથી બચો.”

નોંધ : પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં ખુત્બાનો એક જ ભાગ અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.રસ ધરાવતા વિદ્યાર્થીઓ અન્ય કિતાબોમાથી આખો ખુત્બો વાંચી શકશે.

## એ વસ્તૂઓ જેનાથી રોઝો તૂટી જાય છે. :

(૧) જાણી જોઇને ખાવું.

(૨) જાણી જોઇને પીવું.

(3) જાણી જોઇને પાણીમાં એવી રીતે ડૂબકી મારવી જેથી આખું માથું પાણીમાં ડૂબી જાય.

(૪) જાણી જોઇને કોઈ પણ પ્રકારનો ધુમાડો કે ધૂળ ગળા સુધી પહોચાડાવી. જે હલાલ હોય જેમકે લોટ અથવા હરામ હોય જેમકે ધૂળ.

(૫) જાણી જોઇને ઉલ્ટી કરવી. (જો કોઈને અજાણતા ઉલટી થઇ જાય તો રોઝો સહીહ રહે છે, બાતિલ થતો નથી.)

આ સિવાયની બાબતો હવે પછીના વિભાગોમાં આપવામાં આવશે.

પ્રશ્નો :

(૧) રોઝાનો સમય ક્યાંથી ક્યાં સુધીનો છે ?

(૨) માહે રમઝાનનું મહત્વ ટૂંકમાં જણાવો.

(3) રોઝાને તોડનારી બાબતો કઈ કઈ છે ?

# (૧૦) નજાસતો

## નજીસ વસ્તુઓ દસ છે. જેની વિગત નીચે પ્રમાણે છે :

(૧) પેશાબ (૨) પાયખાનું (૩) મની (વીર્ય) (૪) મુર્દાર (૫) લોહી (૬) કુતરૂ (૭) સુવ્વર (૮) શરાબ (૯) નજાસત ખાનાર હેવાનનો પરસેવો. (૧૦) કાફીર [મ.નં. ૮૪]

માણસનું પેશાબ અને પાયખાનું નજીસ છે. એવી જ રીતે કેટલાક જાનવરોનું પેશાબ અને પાયખાનું નીચે મુજબની શરતોથી નજીસ છે. :

(એ) જેનું ગોશ્ત ખાવું હરામ હોય. જેમકે ઇન્સાન, બિલાડી, કુતરો, સુવ્વર (ભૂંડ), વાઘ, સિંહ, મળ ખાનારા જાનવર અને એ જાનવર કે જેની સાથે ઇન્સાન દ્વારા બદકાર્ય કરવામાં આવ્યું હોય તેનો પેશાબ અને પાયખાનું નાજીસ ગણાશે.

(બી) ઇન્સાનનું લોહી નજીસ છે અને એવા કરેક જાનવર કે જેનું ગોશ્ત હરામ હોય અને ઝબ્હ કરતી વખતે તેનું લોહી ઉછળીને નીકળતું હોય. જેમકે સુવ્વર, સિંહ, વાઘ વગેરે.

પ્રશ્નો :

(૧) નજીસ વસ્તુઓં કેટલી છે ? કઈ કઈ ?

(૨) કયા જાનવરનું પેશાબ અને પાયખાનું નજીસ છે ?

## (૧૧) મુતહ્હરાત

### (પાક કરનારી વસ્તુઓ)

મુતહ્હરાત : જે વસ્તુઓ, બીજી નજીસ વસ્તુને પાક અથવા તાહિર કરે તેને મુતહ્હરાત કહેવાય છે. મુતહ્હરાત બાર છે.

(૧) પાણી (૨) માટી (૩) સૂર્ય (૪) ઇસ્તિહાલા (રૂપાંતર) (૫) ઇસ્લામ (૬) ઇન્તેકાલ (૭) તબઇય્યત (૮) નજાસત

ખાનાર જાનવરનો ઇસ્તબરા (૯) ગયબતુલ મુસ્લીમ (મુસલમાનનું ગાયબ થવું) (૧૦) ઝવાલુલઅયન, અયને નજાસતનું ઝાઈલ થવું (મટી જવું) (૧૧) ઇન્કીલાબ (૧૨) નિયમ પ્રમાણે ઝાબીહાના શરીરમાંથી લોહી નીકળી જવું.

પ્રશ્ન : કોઈપણ પાંચ મુતહહરાત લખો.

## પાણીના બે પ્રકાર છે :

(૧) મુત્લક પાણી, (૨) મુઝાફ પાણી

મુઝાફ પાણી એટલે એવું પાણી જેમાં કોઈ વસ્તુ ભળેલી હોય. જેમકે દાડમનું પાણી શરબત વગેરે મુઝાફ પાણી બીજી કોઈ

વસ્તુને પાક કરી શકતું નથી. મુઝાફ પાણી બીજી નજીસ વસ્તુ સાથે મળતા જે તે પાણી નજીસ થઇ જાય છે. પછી તે નજાસતનું પ્રમાણ ગમે તેટલું હોય.

## મુત્લક પાણીના પ્રકાર :

ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે મુત્લક પાણીના પાંચ પ્રકાર છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) વરસાદનું પાણી : જયારે વરસાદ વરસતો હોય ત્યારે વરસાદનું પાણી નજીસ વસ્તુ ઉપર પડે તો નજીસ વસ્તુ પાક થઇ

જાય છે. પરંતુ શરત એ છે કે તેમાં અસલ (અયન) નજાસત બાકી ન હોય.

(૨) કુવાનું પાણી.

(૩) વ્હેતું (જારી) પાણી : એ પાણી જે જમીનમાંથી ફૂટી (નીકળી)ને વહેતું હોય. જેમકે નદી, દરિયો, ઝરણું વગેરે. ઘરમાં ટાંકી સાથે જોડાઈને પાઈપમાં આવતું પાણી પણ વ્હેતું પાણી ગણાય છે.

(૪) અને (૫) સ્થિર પાણી : (જે કુર અથવા કુર કરતા વધારે પ્રમાણમાં હોય.) એટલે કે ૩-૧/૨* ૩-૧/૨* ૩-૧/૨ વેંત હોય અને કુલ ૩૬ વેંત હોય. (૧ વેંત =૯ ઇંચ)

વજનની દ્રષ્ટીએ કુરના પાણીનું વજન ૩૭૭ કિલો (લગભગ ૩૮૪ લીટર) થાય.

કુર પાણી નજીસ વસ્તુને પાક કરી શકે છે પરંતુ કુર પાણીમાં નજાસત મળતા તેની ગંધ, રંગ અથવા સ્વાદ બદલાઈ જાઈ તો તે નજીસ થઇ જાય છે. જો અયને નજાસત એટલે પેશાબ, પાયખાનું, લોહી અથવા નજીસ થઇ ગએલી ચીજ અથવા નજીસ કપડું કુર પાણીમાં પડી જાય અને પાણીમાં નજાસતની ગંધ, રંગ અથવા સ્વાદ બદલાઈ જાય તો તે કુર પાણી નજીસ થઇ જશે, અને જો તેમાં એવા ફેરફાર ન થાય તો તે નજીસ નહિ ગણાય.

કલીલ પાણી : જે જમીનમાંથી ફૂટીને નીકળતું ન હોય અને તેનું પ્રમાણ કુર પાણી કરતા ઓછું હોય તો તે કુર કરતા ઓછા પાણીને કલીલ પાણી કહે છે.

પ્રશ્નો :

(૧) પાણીના કેટલા પ્રકાર હોય છે તેના ફક્ત નામ લખો ?

(૨) વરસાદનું પાણી કઈ શરતથી નજીસ વસ્તુને પાક કરે છે ?

(3) કુર પાણી કોને કહે છે ? તે ક્યારે નજીસ થાય છે ?

# (૧૨) વઝૂને તોડનારી બાબતો

## સાત બાબતોથી વઝુ બાતિલ થાય છે :

(૧) પેશાબ કરવાથી

(૨) પાયખાનું કરવાથી

(૩) હવા છુટવાથી

(૪) એવી ઉંઘ કે આંખથી કંઈ સુજે નહિ અને કાનથી કંઈ સંભળાઈ નહિ, અગર આંખથી કંઈ સુજે નહિ, પણ કાને સંભળાતું હોય તો વઝુ બાતિલ નહિ થાય.

(૫) જે કાર્યથી ઇન્સાન ભાન કે હોશ ભુલાવે, જેમકે દિવાનગી, નશો અને બેહોશી.

(૬) ઓરતો જયારે ઇસ્તેહાઝાની હાલતમાં હોય

(૭) જનાબતથી, બલ્કે એહતીયાતે મુસ્તહબની રૂએ દરેક એવા કામથી કે જેના માટે ગુસ્લ જરૂરી છે.

પ્રશ્નો :

(૧) વઝૂને તોડનારી બાબતોના નામ આપો.

(૨) કઈ શરતથી ઉંઘ વઝૂને બાતિલ કરે છે?

# વિભાગ બીજો

# અખ્લાકિયાત

## (૧) કપડા કેવા પહેરવા જોઈએ

ઇસ્લામમાં તેના માનનારાઓને સ્વચ્છ અને સુંદર કપડા પહેરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઈમામ જાઅફર સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે “સુંદર કપડા પહેરો, કારણ કે અલ્લાહ નેકીનો સ્ત્રોત છે. અલ્લાહ સારી વાતોને પસંદ કરે છે. પરંતુ એ વાત ધ્યાનમાં રાખજો કે તમોએ પહેરેલા કપડા હલાલ રીતે મેળવ્યા હોય અને

ઇસ્લામનો હુકમ પણ છે કે જયારે નવા કપડા પહેરો ત્યારે અલ્લાહને યાદ કરી તેનો શુક્ર અદા કરો”

ઇસ્લામ એ વાતનો બોધ આપે છે કે તમારા કપડા સુઘડ અને સ્વચ્છ હોય. આપણે હંમેશા નવા કપડા પહેરવા જોઈએ તેવું નથી. આપણા કપડા ભલે જુના હોય પણ સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવા જોઈએ અને શક્ય હોય તો ખુશ્બુ લગાવવી જોઈએ અને કપડા ગંદા થઇ ન જાય તેની કાળજી રાખવી જોઈએ.

બહુ જીણા અને પારદર્શક કપડાથી બનેલા અને શરીર દેખાય તેવા કપડા ન

પહેરવા જોઈએ. કારણ કે એવા કપડા પહેરવા એ ગુનાહ છે. જો આપણે બહુજ કિમતી અને ભપકાદાર કપડા પહેરશું તો આપણામાં તકબ્બુર (અભિમાન) આવી જવાનો ખૌફ છે. એટલે બને ત્યાં સુધી સાદા અને સ્વચ્છ કપડા પહેરવા જોઈએ.

છોકરાઓ અને પુરૂષોએ સ્ત્રીઓના કપડા પહેરવા ન જોઈએ. તેમજ છોકરીઓએ આખું શરીર ઢંકાય તેવા લાંબા કપડા પહેરવા, વાળ તથા પગના તળીયાઓ પણ છુપાવવા. નવ વર્ષની છોકરીઓએ આખું શરીર છુપાય તેવો હિજાબ (પરદો) કરવો. છોકરાઓએ સુઘડ તથા સ્વચ્છ કપડા

પહેરવા. નમાઝ પઢતી વખતે તાહિર (પાક) કપડા પહેરવા. છોકરાઓએ ટોપી પહેરવી જોઈએ તથા છોકરીઓએ ચાદર પહેરી વાળ ઢાંકવા જોઈએ.

## (૨) હિજાબનું મહત્વ

છોકરીઓની ઉમર નવ વર્ષની થાય ત્યારે તેને હિજાબ પહેરવો વાજિબ છે. હિજાબ એટલે છોકરીઓએ પોતાનું આખું શરીર અને વાળને છુપાવવા. હિજાબ પહેરવાથી છોકરીઓની ઈઝઝત અને શરીરનું રક્ષણ થાય છે. ઇસ્લામમાં સ્ત્રીને ખુબજ કિંમતી આભૂષણ (ઘરેણા) અથવા સુંદર ફુલ જેવી

ગણવામાં આવી છે. આપણે કિંમતી આભૂષણો હંમેશા સાચવી અને સંતાડી રાખીએ છીએ. આપણે ફૂલને ખુબજ કાળજીપૂર્વક હાથમાં રાખીએ છીએ. કારણ કે બેદરકારીથી ફૂલોને હાથમાં રાખતા તેની પાંખડીઓ ખરી જાય છે. તેવી જ રીતે છોકરીઓ (સ્ત્રીઓ)ને પણ છુપાવીને તેનું રક્ષણ કરવું જોઈએ. આ વાતનો અર્થ એવો નથી થતો કે સ્ત્રીઓએ હંમેશા કપડામાં છુપાઈને ઘરમાં જ બેસી રહેવું. સ્ત્રી હિજાબ પહેરીને જે કાંઈ જરૂરી કામ હોય તે કરવા માટે ઘરની બહાર નીકળી શકે છે.

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં પહેલાના યુગમાં સ્ત્રીઓ સાથે ખુબજ ક્રૂર વર્તન કરવામાં આવતું હતું. સ્ત્રીઓની કિંમત અને અગત્યતા કોઈ જાણતું ન હતું. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)એ આવીને લોકોને સ્ત્રી જાતિની કિંમત અને મહત્વ કેટલું છે તે સમજાવ્યું. આપ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) પોતાની દુખ્તર બીબી ફાતેમા (સલામુલ્લાહે અલયહા)ને બહુજ ચાહતા હતા. બીબી ફાતેમા (અલય્હિસ્સલામ) પોતાના હિજાબની ખુબજ કાળજી અને ધ્યાન

રાખતા હતા. તેઓ કદી કોઈ આંધળા પુરૂષની સામે પણ હિજાબ વગર જતા ન હતા.

આજના યુગમાં દુનિયાની જે સ્ત્રીઓ હિજાબ પહેરતી નથી, તેના કારણે ઘણા પ્રશ્નો ઉભા થાય છે. હિજાબ ન પહેરનારી સ્ત્રીઓ ઉપર અજાણ્યા પુરૂષો હુમલા કરે છે. હિજાબ પહેરવાને લીધે સ્ત્રીઓનું માન અને ઈઝઝત વધે છે. એટલું જ નહિ, અલ્લાહ તઆલા પણ ખુશ થાય છે. છોકરીઓ માટે હિજાબ પહેરવો વાજિબ છે. પવિત્ર કુરઆનમાં અલ્લાહ તઆલ ફરમાવે છે કે :

“અય નબી ! તું તારી પત્નીઓ તથા તારી પુત્રીઓ તથા ઈમાનદાર સ્ત્રીઓને કહી

દે કે તેઓ (બહાર નીકળતી વખતે) પોતાની ચાદરોનો થોડો ભાગ પોતાના (ચહેરા) પર નાખી રાખે, આમ કરવાથી (આ વાત) વધુ સંભવિત છે કે તેણીઓ ઓળખાય આવે અને સતામણીમાંથી બચી જાય અને અલ્લાહ મોટો માફ કરનાર અને રહેમ કરનાર છે. (સૂરએ અહઝાબ સુરા નં.૩૩ આયત નં.૫૯)

છોકરીઓ બાલિગ એટલે કે નવ વર્ષની થાય ત્યારે હિજાબ પહેરવો વાજિબ થાય છે. આપણે એમ ન સમજવું જોઈએ કે નવ વર્ષની ઉમર એ બહુજ નાની ઉમર છે. કારણ કે આ કાનુન અલ્લાહે બનાવેલ છે. અને

અલ્લાહ સર્વજ્ઞ (દરેક બાબતોનો જાણનાર) છે.

પ્રશ્નો :

૧. છોકરીઓ માટે હિજાબ શા માટે જરૂરી છે ?

૨. હિજાબ વિશે અલ્લાહ પવિત્ર કુરઆનમાં શું ફરમાવે છે ?

## (3) મદ્રેસા, ઇમામવાડા અને સ્કૂલનાં આદાબ

મદ્રેસા, ઇમામવાડા, સ્કૂલ અને ટ્યુશન વર્ગમાં આપણે તકરીરો, મજલીસો દ્વારા ઈલ્મે દીન અને શિક્ષણ મેળવવા માટે જઈએ છીએ.

એ જગ્યાઓએ આપણે સંપૂર્ણ સારી અને શિસ્તબધ્ધ રીતે વર્તવું જોઈએ. એ બધી જગ્યાઓએ આપણે સારા અને સુઘડ વસ્ત્રો પહેરીને જવું જોઈએ. તેમજ મદ્રેસા વર્ગ, મજલિસ કે તકરીરોમાં જે કાઈ કહેવા/પઢાવવામાં આવે તે ધ્યાનથી સાંભળવું જોઈએ. મદ્રેસાં કે શાળાના ચાલુ વર્ગમાં કે મજલીસ પઢાતી હોય ત્યારે વાતો કે હસી - મજાક ન કરવી જોઈએ. આપણા વર્ગ કે મજલીસમાં કાંઈ ખાવું ન જોઈએ. આપણા મુદર્રિસ, શિક્ષકો અને ઝાકિરોને માન આપવુ જોઈએ. ઇસ્લામમાં આ બધી જગ્યાઓએ સદવર્તન જાળવવાનો હુકમ

આપ્યો છે. ઇસ્લામમમાં ઈલ્મ મેળવવાને ખાસ અગત્યતા આપવામાં આવી છે. ઈસ્લામે દરેક મુસ્લિમને ઇલ્મ મેળવવાના પ્રયાસ કરવાની તાકીદ કરી છે. તેથી સ્કૂલ, મદ્રેસા કે મજલીસ જ્યાં ઇલ્મનો પ્રચાર થતો હોય તે પવિત્ર સ્થળો ગણાય છે. અને તે સ્થળોએ ઉત્તમ વર્તણુક કરવી જોઈએ.

પ્રશ્ન : મદ્રેસા, ઇમામવાડા અને સ્કૂલમાં આપણે કેવું વર્તન કરવું જોઈએ.

## (૪) ઘરમાં જાળવવાનાં આદાબ

પયગંબરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઇસ્લામનો સંદેશો ફેલાવવા માટે આવ્યા હતા. તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેમની હદીસમાં જે બાબત ઉપર સૌથી વધારે ભાર આપીને સૌથી વધુ અગત્યની ગણાવી છે તે છે અખ્લાક (સારી રીતભાત).

આપણે જ્યાં પણ રહેતા હોઈએ ત્યાં આપણું વર્તન સારૂં હોવું જોઈએ. ઘર એ પહેલી જગ્યા છે જ્યાં આપણી રીતભાત શ્રેષ્ઠ હોવી જોઈએ. આપણે ઘરમાં જઈએ ત્યારે

‘સલામુન અલયકુમ’ કહેવું જોઈએ. તથા ઘરની બહાર જતી વખતે ‘ફી અમાનીલ્લાહ’ કહેવું જોઈએ. આપણે ઘરના વડીલો જેમકે દાદા, દાદી, નાના, નાની, માતા, પિતા, મોટા ભાઈ-બહેનો અથવા આપણી કરતા ઉમરમાં મોટી હોય તેવી તમામ વ્યક્તિઓને માન આપવું જોઈએ.

આપણે ઘરની કોઈ વસ્તુઓને યોગ્ય જગ્યા સિવાય, જ્યાં ત્યાં નાખવી ન જોઈએ. દરેક વસ્તુને તેની નિશ્ચિત કરવામાં આવેલી જગ્યાએ જ મૂકવી જોઈએ. ઈસ્લામે મહેમાનોની આગતા સ્વાગતા કરવાને ખાસ મહત્વ આપ્યું છે. આપણા ઘરે કોઈ મહેમાન

આવે તો તેને યોગ્ય આવકાર આપવો જોઈએ અને તેમને પૂરતી સુવિધા અને સગવડ આપવી જોઈએ.

આપણા ઘરમાં ખોટા અવાજ અને ઘોંઘાટ તથા ધાંધલ કરીને ઘરના સભ્યોને કે પડોસીને તકલીફ ન આપવી જોઈએ. જયારે ઘરમાં કોઈ સૂતું હોય ત્યારે અવાજ ન કરવો જોઈએ. સૌથી અગત્યની વાત એ છે કે આપણા માતા-પિતા અને વડીલોને માન આપી તેમના હુકમનું પાલન કરવું જોઈએ.

પ્રશ્ન : ઘરમાં જાળવવાના આદાબ ટૂંકમાં જણાવો.

## (૫) મહેમાન થવાનાં આદાબ

આપણી સામાજિક ફરજો પૈકીની એક ફરજ એ છે કે આપણે કોઈના ઘરમાં તેની રજા વગર પ્રવેશ કરવો ન જોઈએ. બીજા કોઈના ઘરમાં પ્રવેશવાની રજા મળ્યા પછી ઘરના સભ્યોને સલામ કરવી જોઈએ. આ બાબતનો હુકમ અલ્લાજ તઆલાએ કુરઆને શરીફમાં નીચે પ્રમાણે આપ્યો છે.

“અય ઈમાન લાવનારાઓ, તમારા (પોતાના) ઘરો સિવાય બીજાઓના ઘરોમાં જ્યાં સુધી તમે રજા ન મેળવો અને તના રહેવાસીઓને સલામ ન કરો (હરગીઝ)

દાખલ થશો નહી. એજ તમારા માટે ઉત્તમ છે કે જેથી તમે બોધ ગ્રહણ કરો." (સૂરએ નુર :૨૪ : આયત નં.૨૭)

આપણે જયારે બીજા કોઈના ઘેર જઈએ ત્યારે આજુબાજુમાં નજર નાખવી ન જોઈએ. તેમજ બીજા કોઈના ઘરની ચીજવસ્તુઓને હાથ લગાવવો ન જોઈએ.

બીજા કોઈના ઘરમાં કોઈ સૂતું હોય અથવા કોઈ માંદુ હોય ત્યારે મોટા અવાજે બોલવું ન જોઈએ.

બીજા કોઈના ઘરમાં તેઓની આંતરિક બાબતો જેની સાથે આપણે કોઈ સંબંધ ન હોય તે સાંભળવાનો પ્રયત્ન કરવો ન જોઈએ.

બીજા કોઈના પત્રો ખોલવા કે વાંચવા ન જોઈએ. કોઈ બીજા લોકોના અંગત મામલામાં દખલગીરી કરનારને અલ્લાહ તઆલા ધિક્કારે છે.

બીજાના ઘરેથી વિદાય થતી વખતે તેઓનો આભાર માની વિનયપૂર્વક વિદાય લેવી જોઈએ.

આપની સાથે જેવો વ્યવહાર થાય તે કરતા પણ સારો વ્યવહાર બીજા પ્રત્યે કરવાનો ઇસ્લામ હુકમ આપે છે.

## (૬) જુદા જુદા વિષયની કુરઆનની આયતો અને હદીસો

(૧) સત્ય બોલવું : ઈમામ સાદિક (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "જે માણસની જીભ સાચી હોય તેનું કામ અને અમલ પણ સાચા અને પવિત્ર હશે."

(૨) જુઠું બોલવાથી બચવું : ઈમામ અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, "મોમિનોએ જુઠું બોલનાર સાથે મિત્રતા રાખવી ન જોઈએ." ઈમામ બાકિર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે "જુઠથી ઇમાનનો નાશ થાય છે."

(૩) મુસલનમાન ભાઈઓના હક્ક : પયગંબરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે, “જે કોઈ પોતાના મુસલમાન ભાઈઓના કાર્યોને મહત્વ આપતો નથી (તેને મદદ કરતો નથી) તે મુસલમાન નથી.”

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું, “બેશક અલ્લાહને સૌથી વધુ પસંદ કાર્ય મોઅમીન ભાઈઓને ખુશ કરવા તે છે.

(૪) સદકો આપવો : અલ્લાહ તઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે જયાં સુધી તમે તમારે સૌથી વધારે ગમતી વસ્તુ અલ્લાહની

રાહમાં ખર્ચ ન કરો ત્યાં સુધી તકવાની મંઝિલે પહોચી શકતા નથી.

પવિત્ર પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે "તમારામાથી જે બીજાને મદદરૂપ થાય તે શ્રેષ્ઠ છે."

ઈમામ અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે "સદકો આપવાના કારણે ઈન્સાનની જિંદગી (ની મુદળત) માં વધારો થાય છે."

(૫) તવહીદ : અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ કુરઆને પાકમાં ફરમાવ્યું છે કે :

"અલ્લાહ એજ છે જેના સિવાય કોઈ માઅબુદ નથી. સર્વે ઉત્તમ નામો તેનાજ છે. (સુરએ તા- હા ૨૦ : આયત નં. ૮)

(૬) હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ની રીસાલત : અલ્લાહ (સુ.વ.ત.) તેના નબી હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ને સંબોધીને ફરમાવે છે કે

"નિસંશય અમોએ તારા ઉપર એવી જ રીતે વહી મોકલી (છે) જેવી રીતે (કે) નુર પર અને તેના પછીના નબીઓ પર મોકલી હતી." (સુરએ નીસા/૪ : આયત નં. ૧૬૩)

(૭) કયામતનો દિવસ : અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે.

“(હે રસુલ !) તું કહી દે કે મલેકુલ મૌત જે તમારા પર નીમવામાં આવ્યો છે તે અવશ્ય તમારો અંત લાવશે. પછી તમે તમારા પરવરદિગારની હઝૂરમાં ફેરવવામાં આવશો.” (સૂરએ સિજદા/૩૨ : આયાત નં. ૧૧)

પયગંબરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે કે ; તમારૂં મુત્યુ એ (જીવનનો) અંત નથી. પરંતુ ફક્ત તમને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવામાં આવે છે.

# (૭) માં-બાપ, દોસ્તો અને શિક્ષકો

## માં-બાપના હક્ક :

અલ્લાહ તઆલાએ આપણને આપેલી સૌથી માટી નેઅમત માં-બાપ છેં. માતા અને પિતા બંને અનમોલ નેઅમત છે. ઈસ્લામે માં-બાપની મહાનતા દર્શાવી છે. આપણા માં-બાપે આપણી કાળજી લઇને આપણો ઉછેર કર્યો છે. આપણે સાવ નાની અને કુમળી વયના હતા ત્યારથી જ માં-બાપે આપણી સંભાળપૂર્વક કાળજી લઈને ઉછેર કર્યો છે. જયારે આપણે બીમાર થતા કે આપણને કોઇ તકલીફ થતી ત્યારે માં-બાપને પણ તકલીફ

થતી હતી. એથી ઈસ્લામ કહે છે કે, “માં-બાપનું માન જાળવી તેઓંની તાબેદારી કરવી જોઈએ. કારણકે તેઓં આપાણી કરતા ઉમરમાં અને જાણકારીમાં મોટા છે.’’

આપણે આપણા માં-બાપ સાથે કદી અપમાનભર્યું વર્તન કરવું ન જોઈએ કે તેમની સામે પણ બોલવું ન જોઈએ. પવિત્ર કુરઆં ફરમાવે છે કે, “આપને માં-બાપની સામે એક ‘ઉફ’ જેવો નાનકડો શબ્દ પણ નાં ઉચ્ચારવો જોઈએ.” પરંતુ તેમની સાથે આપણે હંમેશા નમ્રતાપૂર્વક વર્તન કરવું જોઈએ.

અલ્લાહ (સુ.વ.ત) કુરઆને પાકમાં ફરમાવે છે કે :

"અને તારા પરવરદીગારે આ હુકમ તદ્દન (છેવટનો) આપી દીધો છે કે તમે તેના સિવાય કોઈની ઈબાદત કરો નહિ અને માં-બાપ સાથે નેકી કરતા રહો અગર તેઓ બંનેમાંથી એક અથવા બંને તારે સામે વૃદ્ધાવસ્થાએ પહોંછે જાય (અને કોઈ કારણે તારા પર ક્રોધે ભરાય) તો તેની સામે ઉફ પણ ન કર. (તેમજ) તેમને તરછોડ (પણ) નહિ. અને તેમની સાથે વિનય અને વિવેકપૂર્વક વાતો કર." (સૂરએ બની ઇસરાઇલ/૧૭:આયત નં.૨૩ )

જે લોકો પોતાના માં-બાપ સાથે સદવર્તન કરે છે તેમનાથી અલ્લાહ તઆલા ખુશ થાય છે. જો આપણે આપણા માં-બાપને સાચવીએ અને તેમની સાથે સારો વ્યવહાર કરીએ તો તેઓ આપણા માટે અલ્લાહ તઆલાની બરગાહમાં દુઆ કરશે અને તેનો સારો બદલો કયામતમાં મળશે.

પ્રશ્નો :

૧. માં-બાપ સાથે કેવું વર્તન કરવું જોઈએ ?

૨. કુરઆન માં-બાપ સાથે વર્તન વિશે શું કહે છે ?

## (૨) સારા મિત્રો રાખવા :

દુનિયાના તમામ લોકોને મિત્રની જરૂરત રહે છે. જેમ આપણા મિત્રો વધારે હોય તેમ આપણને વધારે સફળતા મળે છે. પરંતુ મિત્રોની પસંદગી કરતી વખતે તે સદગુણી હોયતે વિશે ખુબજ કાળજી લેવી જરૂરી છે. ગમે તેવી વ્યક્તિને મિત્ર તરીકે પસંદ કરી શકાય નહી. જો આપણે એવી વ્યક્તિને મિત્ર તરીકે પસંદ કરીએ જે આળસુ અને અવાગુણી હોય તો તેની સાથે મિત્રતાને લીધે ધીરેધીરે તેના અવગુણ અને આળસ આપણામાં પ્રવેશી જાય તેવી શકયતા રહે છે.

અને તે કારણે આપણે લોકોનો આદર ગુમાવી બેસીએ છીએ.

એક કહેવત છે કે માણસ તેના સાથીદારોથી ઓળખાય છે. જેનો અર્થ એ છે કે આપણા મિત્રોને જોઇને લોકો આપણને તેની જેવા માની લે છે. તેથી આપણે નેક, મઝહબી, સારી રીતાભાતવાળા અને મહેનતુ લોકોને મિત્ર બનાવવા જોઈએ.

ઇસ્લામ કહે છે કે સાચો મિત્ર એ છે કે જે તમારૂં ધ્યાન, તમારી ભૂલો અને વાંક પ્રત્યે દોરે. આપણે ખોટા માર્ગે જતા હોઈએ તો આપણી ભૂલો સુધારે અને તેવીજ રીતે આપણે પણ તેની ભૂલો પ્રત્યે તેનું ધ્યાન

દોરી શકીએ. અને તે રીતે આપણી સુધારણા થઇ શકે. એક વખત આપણને સારા મિત્રો પ્રાપ્ત થઇ જાય તો તેની સાથે ભલાઈ અને સદવર્તન કરવું જોઈએ. તેથી તેમની સાથેની મિત્રતા જળવાઈ રહે.

પ્રશ્નો :

૧. સારા મિત્રો રાખવાના શું ફાયદા છે ?

૨. ઇસ્લામ કોને સાચો મિત્ર કહે છે ?

## (3) શિક્ષકો પ્રત્યે માન દર્શાવવું :-

મદ્રેસાના શિક્ષકો આપણને જે કાંઈ તાલીમ આપે છે તે અલ્લાહ તઆલાની દ્રષ્ટિએ મહાન ફરજ અદા કરે છે. આપણા

પયગંબરો અને ઇમામો આપણને સાચો માર્ગ દેખાડવા અને હક્કની તાલીમ આપવા માટે આવ્યા હતા. તેથી મુદર્રીસ આપણને જે કાઈ તાલીમ આપે છે તે પયગંબર અને ઈમામના કાર્યોનું અનુસરણ કરી રહ્યા છે. મુદર્રીસનો દરજ્જો ખુબ જ મહાન છે.

આપણા માં-બાપ આપણને ખોરાક અને પોષાક આપીને આપણી સંભાળ રાખે છે. જયારે શિક્ષકો આપણને જ્ઞાન અને માહિતી પૂરી પાડે છે. જે ઘણી જ મહત્વની બાબત છે.

આપણે આપણા મુદર્રીસ અને શિક્ષકોને માન આપવુ જોઇએ. આપણા શિક્ષક કે મુદર્રીસ વર્ગમાં કે વર્ગની બહાર જયા મળે

ત્યાં તેઓને સલામ કરવી જોઇએ. તેઓ આપણી તાલીમ માટે મોટી જવાબદારી ઉઠાવી નેકી કરી રહ્યા છે. તે વાત આપણે કયારેય પણ ભૂલવી ન જોઈએ.

ઈમામ અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે વિદ્યાર્થી (તાલીબે ઈલ્મ)એ શિક્ષકની સામે શિક્ષકનું માન જાળવીને બેસવું જોઈએ. શિક્ષકને કોઈ વસ્તુ જોઈતી હોઈ તો તાત્કાલિક જઈને તે વસ્તુ લાવી આપવી જોઈએ. શિક્ષકની હાજરીમાં કે ગેરહાજરીમાં તેની વિરૂધ્ધમાં એક શબ્દ પણ ઉચ્ચારવો ન જોઈએ. (આ ઉપરાંત પણ શિક્ષક પ્રત્યેની ઘણી ફરજો છે.)

આમ, આપણે શિક્ષકોનું માન જાળવી તેઓ તાલીમ આપવાનું કામ કરે છે તે માટે તેમનો આભાર માનવો જોઈએ.

**પ્રશ્ન : શિક્ષકો સાથેના વર્તન વિશે ઈમામ અલી (અલય્હિસ્સલામ) શું ફરમાવે છે ?**

# વિભાગ ત્રીજો

# ઇસ્લામનો ઈતિહાસ

## પાઠ - ૧

### (૧) ઈમામ અલી (અલયહિસ્સલામ)

(૧) નામ : અલી

(૨) લકબ : અલ મુરતઝા

(3) કુન્નીયત : અબુલ હસન

(૪) જન્મ સ્થળ : મક્કાએ મોઅઝઝમામાં આવેલ પવિત્ર ખાના-એ-કાઅબામાં તા.૧3 રજબ 30 આમુલ ફિલ તા.૧૧ ઓક્ટોબર ઈ.સ. ૫૯૯

(૫) પિતાનું નામ : હઝરત અબુ તાલિબ બિન અબ્દુલ મુત્તલીબ

(૬) માતાનું નામ : જનાબે ફાતેમા બિન્તે અસદ

(૭) વફાત : ૬૩ વર્ષની વયે તા. ૨૧ માહે મુબારક રમઝાન હી.સ. ૪૦, સોમવાર. આપ (અલય્હિસ્સલામ) મસ્જીદે કુફામાં તા. ૧૯મી રમઝાનના નમાઝે સુબ્હમાં મશગુલ હતા ત્યારે કાતિલે આપના સર મુબારક ઉપર ઝેરથી ભરેલી તલવાર મારીને ઇજા પહોંચાડી હતી.

(૮) દફનની જગ્યા : નજફે અશરફ (ઈરાક). (જે કુફા પાસે આવેલ છે.)

## (૧) જન્મ :

ઈમામ અલી (અલય્હિસ્સલામ) હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં પિત્રાઈ ભાઈ તથા જમાઈ હતા. હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદતનો સમય નજદિક આવ્યો ત્યારે તેમના માતા બીબી ફાતેમા બિન્તે અસદ ખાન-એ-કાઅબાની પાસે ગયા. જયારે તેઓ ઈબાદત અને તવાફ કરવામાં વ્યસ્ત હતા. ત્યારે ખાન-એ-કાઅબાની દીવાલમાં તિરાડ પડી અને દીવાલમાં અંદર જવા માટેની જગ્યા થઈ ગઈ. એક અવાજ આવ્યો અને

તેણીને અંદર બોલવવામાં આવ્યા. આમ, એક મોઅજીઝા પછી હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદત ખાન-એ-કાઅબામાં થઈ. હઝરત અલી (અલય્હિસ્સલામ) વિશ્વના એક માત્ર એવા વ્યકિત છે જેઓની વિલાદત પવિત્ર ખાન-એ-કાઅબની અંદર થઇ છે.

એ અરસામાં હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ધંધાકીય પ્રવાસ માટે મક્કાની બહાર ગયા હતા. બીબી ફ઼ાતેમા બીન્તે અસદ (સલામુલ્લાહે અલય્હા) તેમના નવજાત પુત્ર સાથે ખાન-એ-કાઅબાની અંદર પયગંબર

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો ઈંતેઝાર કરતા રહ્યા.

ખાન - એ - કાઅબાની દીવાલ મોઅજીઝાથી ફરીવાર ખુલી અને ફાતેમા બિનતે અસદ ત્યાંથી બહાર આવ્યા અને પોતાના ફરઝન્દને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના હાથમાં આપ્યા. હઝરત અલી (અલય્હિસ્સલામ)એ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના હાથમાં ગયા પછી પહેલી વખત આંખો ખોલી અને કલમાની તિલાવત કરી.

હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદત પછી તેઓનો ઉછેર પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાના ફરઝન્દની જેમ કર્યો.

હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વીલાદતથી અલ્લાહે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને ઈસ્લામના પ્રચાર માટે એક મદદગાર અને સાથી આપ્યો. આ માટે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ અલ્લાહની બારગાહમાં દુઆ કરી હતી જે દુઆ અલ્લાહ તઆલાએ કબુલ કરી. જે રીતે હઝરત હારૂન (અલય્હિસ્સલામ)ને હઝરત મુસા

(અલય્હિસ્સલામ)ના સાથીદાર બનાવ્યા હતા. તેવી જ રીતે અલ્લાહે હઝરત અલી (અલય્હિસ્સલામ)ને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના સાથીદાર બનાવ્યા.

પ્રશ્નો :

૧. હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદતની તારીખ જણાવો.

૨. હઝરત અલી (અલય્હિસ્સલામ)નો ઉછેર કોણે કર્યો ?

3. હઝરત અલી (અલય્હિસ્સલામ)ના હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે શું સંબંધ હતા ?

૪. હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદત ક્યાં અને કેવી રીતે થઈ ?

## (૨) હઝરત અલી (અલય્હિસ્સલામ)નાં સદગુણો :

હઝરત અલી (અલય્હિસ્સલામ)ની ઉમર વધતાની સાથે તેઓ મોટા ભાગનો સમય પયગંબરે ઇસ્લામની સાથે વિતાવતા હતા. સૌ પ્રથમ ઇસ્લામ સ્વીકારનારાઓ પૈકી અને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સાથે નમાઝ પઢનારાઓ પૈકીનાં એક હઝરત અલી (અલય્હિસ્સલામ) હતા. તેઓ ઇસ્લામના

કાનુનોની અને કુરઆનની આયતોની જાણકારી ઉપર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા હતા.

હઝરત અલી (અલય્હિસ્સલામ) તમામ મુસલમાનોમાં તકવા, ઇલ્મ, દયા, સંતોષ, સબ્ર, મહેનત, કુરબાની, બહાદુરી વગેરે તમામ સદગુણોમાં હઝરત અલી (અલય્હિસ્સલામ) અજોડ અને ઉચ્ચ સ્થાન ધરાવતા હતા.

જયારે લોકોમાંથી કોઈ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની મદદ માટે તૈયાર ન હતા તેવા વખતે હઝરત ઈમામ અલી (અલય્હિસ્સલામ)એ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

મદદનું એલાન કર્યું હતું. હઝરત અલી (અલય્હિસ્સલામ) એ કયારેય મૂર્તિ પૂજા (બુત પરસ્તી) કરી ન હતી.

હઝરત અલી (અલય્હિસ્સલામ) કદી કોઈ જંગમાં હાર્યા ન હતા, તેમજ તેઓએ કદી કોઈ જંગમાથી પીછેહટ કરી ન હતી. તેઓ જિંદગીભર અન્યાય અને ઝુલ્મ સામે લડ્યા હતા અને ન્યાય અને સત્યનું રક્ષણ કરતા રહ્યા હતા.

કાઈ પણ બોલતા પહેલા કે કોઈ પણ કામ કરતા પહેલા તેઓ ગંભીરતાપૂર્વક તે વિશેના તમામ દ્રષ્ટિકોણથી વિચારી લેતા હતા. જેના પરિણામે તેઓ જે કાઈ કહેતા કે

કરતા તે સાચું અને ઇસ્લામના કાનુન તથા ન્યાય પ્રમાણે જ હતું.

ઈમામ અલી (અલય્હિસ્સલામ) નમ્ર અને માયાળુ હતા. તેઓ દરેક માણસ સાથે પોતાના ભાઈ જેવી વર્તણુક કરતા હતા. તેઓ કદી કોઈ પ્રત્યે અણગમો દર્શાવતા નહિ કે કોઈ સાથે અન્યાય કરતા નહિ. તેઓ ગરીબો અને જરૂરતમંદો પ્રત્યે દયા રાખતા તેઓની સાથે બેસતા અને તેમની જરૂરિયાતો પૂરી કરતા.

તેઓ સાદા પરંતુ સ્વચ્છ વસ્ત્રો પહેરતા. એક દિવસ ઈમામ અલી (અલય્હિસ્સલામ) પોતાના નૌકર કમ્બર સાથે બજારમાંથી ગયા.

બજારમાં તેઓએ બે ખમીસ (પહેરણ) ખરીદ્યા. એક કમીસ જાડા અને સાદા કપડાનું હતું. જયારે બીજું ખમીસ સારૂં અને મોંઘુ હતું. ઘરે આવ્યા પછી તેઓએ મોંઘુ ખમીસ પોતાના નોકરને આપી દીધું અને સાદું કમીસ પોતાના માટે રાખ્યું. કમ્બરની ઈચ્છા એવી હતી કે મોંઘુ કમીસ ઈમામ (અલય્હિસ્સલામ) પોતાના પહેરવા માટે રાખે તેથી તેણે આદરપૂર્વક કહ્યું : અય અમીરૂલ મોઅમેમીન! આપ મુસલમાનોના સરદાર છો, આપણા વસ્ત્રો સારા હોવા જોઈએ, તેથી આપ (અલય્હિસ્સલામ) સારૂં ખમીસ આપના માટે રાખો તે જ યોગ્ય ગણાશે. આપ મને સાદું

અને સસ્તુ ખમીસ આપો અને આ મોંઘુ ખમીસ આપના માટે રાખો.

ઈમામ અલી (અલય્હિસ્સલામ)એ જવાબ આપ્યો, “કમ્બર! ના, મારી ઉમર વધારે છે. તમે યુવાન છો. તેથી સારૂં ખમીસ તમને શોભશે. તે ઉપરાંત મારે મુસલમાનોને સાદું જીવન જીવવાનો બોધપાઠ આપવાનો છે. તેથી મારા કપડા સાદા હોય તે જરૂરી છે. મારા પહેરવેશથી મુસલમાનો આરામભર્યા જીવનથી દૂર રહેવાનું શીખશે અને સાદગીભર્યું જીવન જીવશે.”

ઈમામ અલી (અલય્હિસ્સલામ)નો ખોરાક પણ બિલ્કુલ સાદો હતો, મોટે ભાગે

તેઓ જવાની રોટલી ખાતા. તેઓ (અલય્હિસ્સલામ) એટલા બધા ન્યાયપ્રિય અને સંતોષી હતા કે તેઓએ એક વખતે કહ્યું હતું કે, “ તમે મને એક કીડીના મુખમાંથી અનાજનો દાણો આંચકી લેવાના બદલામાં આખી દુનિયા આપી દો, તો પણ હું તે કામ કદી નહિ કરૂં.”

ઈમામ અલી (અલય્હિસ્સલામ)નું ચારીત્ર્ય આટલું સુંદર હતું. પયગંબર હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં સાચા બાર જાનશીનોમાં પહેલા ઈમામ હઝરત અલી (અલય્હિસ્સલામ) હતા. આપણે તે બાર ઇમામોના માનનારા છીએ.

બાકીના અગિયાર ઈમામના ચારિત્ર્ય પણ હઝરત અલી (અલય્હિસ્સલામ) જેવા સુંદર હતા. આપણે મુસલમાનો તે ઈમામોને અનુસરવા માટે સદભાગી બન્યા છીએ. હઝરત અલી (અલય્હિસ્સલામ)નાં જીવન અને ચારિત્ર્યમાંથી ઘણાં બોધપાઠ અને સારી ટેવો આપણા જીવનમાં અપનાવી લેવા જેવી છે. જેમાંથી અમુક નીચે પ્રમાણે છે. :

(૧) આપણે કોઈ પણ કાર્ય કરતા પહેલા કે કાઈ પણ બોલતા પહેલા હંમેશા એ વિચારવું જોઈએ કે આપણે જે કાઈ કહીએ કે કરીએ છીએ તે સાચું અને ઇસ્લામી કાયદા પ્રમાણે છે કે નહિ ?

(૨) આપણું વર્તન દરેક લોકો અને ખાસ કરીને આપણા મુસ્લીમ ભાઈઓ સાથે નમ્ર અને સારૂં હોવું જોઈએ.

(૩) આપણે હંમેશા ગરીબ અને હાજતમંદ લોકોને મદદરૂપ થવા પ્રયત્ન કરવા જોઈએ અને તેવા લોકો સાથે બેસવામાં, વાતચીત કરવામાં કે સાથે જમવા બેસવામાં કદી શરમાવું જોઈએ નહિ.

(૪) આપને કદાપી કોઈ પણ સાથે અન્યાય કે કોઈ ઉપર ઝુલ્મ ણ કરવો જોઈએ. જાનવરો ઉપર પણ કદી ઝુલ્મ ન કરવો જોઈએ.

(૫) અલ્લાહ તઆલાએ આપણને જે કાઈ આપ્યું હોય તે થોડું હોય તો પણ તેનાથી રાજી રહેવું જોઈએ. આપણે બીજા કોઈના એક નાનકડી કીડીના પણ હક ડુબાડીને તેનો અંગત લાભ લેવો ન જોઈએ.

(૬) ઇસ્લામ સાદાઈ અને સમાનતાનો ધર્મ છે. ઇસ્લામમમાં નાત જાત. ઊંચ-નીચના ભેદભાવ રાખવામાં આવતા નથી. ઇસ્લામમમાં માલિક અને ગુલામ (સરદાર/નોકર) બંનેને અમુક હક આપવામાં આવ્યા છે. ઈમામ અલી (અલય્હિસ્સલામ) બધા પ્રત્યે સદવર્તન રાખતા હતા. તેઓ પોતે સાદગીભર્યું જીવન જીવતા હતા અને બીજાની જરૂરિયાતને

પોતાની જરૂરિયાત ઉપર અગ્રતા આપતા હતા. બીજા ઈમામો (અલય્હિસ્સલામ) એ પણ હઝરત અલી (અલય્હિસ્સલામ) જેવુજ જીવન વિતાવેલું હતું. હઝરત અલી (અલય્હિસ્સલામ) એ પોતાના ખાદીમ કમ્બરને નવું ખમીસ આપીને ઇસ્લામના સમાનતાના કાયદાનું ઉદાહરણ રજુ કરેલ હતું. તેઓના આ ઉદાહરણથી ઇસ્લામમાં કાળા અને ગોરા, શ્રીમંત અને ગરીબ કે સરદાર અને ગુલામ વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી તે વાત સાબિત થાય છે.

(૭) ઈમામ અલી (અલય્હિસ્સલામ)એ આપણને એ વાત શીખવાડી છે કે માણસની સાચી કિંમત તેના કપડા કે શણગારમાં નથી, પરંતુ માણસની કિંમત તેના જ્ઞાન, ડહાપણ અને ચારિત્ર્યથી નક્કી થાય છે.

ઈમામ અલી (અલય્હિસ્સલામ)નાં જીવનમાંથી આપણને બીજા પણ ઘણા બોધપાઠ જાણવા મળે છે. હઝરત અલી (અલય્હિસ્સલામ)નાં માનનારાઓ તરીકે આપણે તેઓના જીવનને અનુસરવા માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

ઇમામો (અલય્હિસ્સલામ)નાં સાચા ચાહનારાઓ તરીકે આપણે ફક્ત ઈમામ

(અલય્હિસ્સલામ) પ્રત્યે મોહબ્બત હોવાનો દાવો કરીને અને તેઓ (અલય્હિસ્સલામ)ની વિલાદત અને શહાદતની તારીખો માનાવીએ તેટલું પૂરતું નથી. પરંતુ દરેક ભાઈઓ અને બહેનોએ ઈમામ (અલય્હિસ્સલામ)નાં જીવનને નમૂનારૂપ માનીને તે પ્રમાણે અનુસરણ કરવું જોઈએ.

જો કોઈ વ્યક્તિ જાણીજોઇને ઈમામ (અલય્હિસ્સલામ)નાં શિક્ષણની વિરૂદ્ધ અમલ કરે તો તે ઈમામ (અલય્હિસ્સલામ)નો સાચો માનનારો ગણાતો નથી.

પ્રશ્ન : હઝરત અલી (અલય્હિસ્સલામ)નાં જીવનમાંથી જાણવા મળતા કોઈપણ બે સદગુણ જણાવો.

## (3) પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં રક્ષક :

હઝરત અલી (અલય્હિસ્સલામ) હંમેશા પયગંબરે ઇસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની મદદ અને દુશ્મનોથી તેઓનું રક્ષણ કરવા માટે તેઓની સાથે જ રહેતા હતા. ઈમામ અલી (અલય્હિસ્સલામ)ની વય ૧૩ અથવા ૧૪ વર્ષની હતી ત્યારથી જ તેઓએ પયગંબર

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના અંગરક્ષક તરીકેનું કાર્ય સંભાળી લીધું હતું.

એ જમાનામાં મક્કાના યુવાનો તેમના માં-બાપની દોરવણી હેઠળ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર પથ્થર ફેંકીને હુમલો કરતા, ત્યારે હઝરત અલી (અલય્હિસ્સલામ) તેઓની વિરૂધ્ધ લડતા. હુમલો કરનાર પૈકી અમુક હુમલો કરનારાઓ તો હ.અલી (અલય્હિસ્સલામ) કરતા ઉમરમાં મોટા હતા. તેમ છતાં હ.અલી (અલય્હિસ્સલામ) તેમની સાથે લડતા. તેઓ (અલય્હિસ્સલામ)એ કદી

પણ રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો સાથ છોડયો ન હતો.

આથી, અમુક સમય પછી હઝરત અલી (અલય્હિસ્સલામ) પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ની સાથે હોય ત્યારે કોઈ તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર હુમલો કરવાની હિંમત કરતુ નહિ. તેમજ હઝરત અલી (અલય્હિસ્સલામ) પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કદી એકલા બહાર જવા દેતા નહિ.

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને કત્લ કરવા માટે

મક્કાના કુરેશ લોકોએ કાવતરું કર્યું. તેથી પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને મક્કાથી મદીના હિજરત કરી જવાની ફરજ પડી. તે વખતે ઈમામ અલી (અલય્હિસ્સલામ)ની ઉંમર ૨૨ વર્ષની હતી. જીબ્રઇલે આ કાવતરાની જાણ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને વહી દ્વારા કરી. તેથી પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાના બિછાના ઉપર સુવા માટે હઝરત અલી (અલય્હિસ્સલામ)ને સૂચના આપી. પોતાના જીવનું જોખમ હોવા છતાં, પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની

સૂચના ઉપર અમલ કરીને હઝરત અલી (અલય્હિસ્સલામ) પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં બિછાના પર સુઈ ગયા.

બદ્ર, ઓહદ, ખંદક અને ખયબરની જંગોમાં તેમજ ફત્હે મક્કાના પ્રસંગે હ.અલી (અલય્હિસ્સલામ) પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સાથે રહીને બહાદુરીપૂર્વક લડતા રહ્યા.

પ્રશ્નો :

૧. હઝરત અલી (અલય્હિસ્સલામ) પયગંબર (સ.) નું રક્ષણ કઈ રીતે કરતા હતા ?

૨. હઝરત અલી (અલય્હિસ્સલામ)ની માતાની વફાત ક્યારે થઇ ? તેમની વફાત ઉપર પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ શું કર્યું ?

૩. હઝરત અલી (અલય્હિસ્સલામ) માલિક - નોકર વચ્ચે ભેદભાવ રાખતા નહી, તે સાબિત કરતો પ્રસંગ વર્ણવો.

૪. ઈમામ (અલય્હિસ્સલામ)ની ન્યાયપ્રિયતા દર્શાવાતું તેમનું કથન લખો.

## (૪) માતા - પિતાની વફાત :

ઈમામ અલી (અલય્હિસ્સલામ)ની વય ૧૨ વર્ષની હતી ત્યારે મક્કામાં તેઓ

(અલય્હિસ્સલામ)નાં પિતા હઝરત અબુ તાલીબની વફાત થઇ. તે જ વર્ષે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં બીબી જ ખાદિજાની વફાત થઇ. તેથી તે વર્ષે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને હઝરત અલી (અલય્હિસ્સલામ) માટે તે ગમનું વર્ષ હતું.

હી.સ. ૪૪માં હઝરત અલી (અલય્હિસ્સલામ)નાં માતાજી બીબી ફાતેમા બિન્તે અસદ મદીનામાં વફાત પામ્યા. આ બનાવથી હઝરત પયગંબર અને હઝરત અલી (અલય્હિસ્સલામ) બંને ખુબજ ગમગીન થયા. હઝરત અલી (અલય્હિસ્સલામ)ની

માતાને હઝરત પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાની માતા સમાન ગણતા હતા. તેમના ઇન્તકાલ બાદ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતે તેમની કબ્ર ખોદી તેમની પોતાની અબાનું કફન આપ્યું અને તેમની કબ્રમાં પહેલા પોતે સુઈને, કબ્રનો મરતબો વધાર્યો.

પ્રશ્ન : કયા વર્ષને 'ગામનું વર્ષ' કહેવાય છે ?

## (૫) ઈમામ અલી (અલયહિસ્સલામ) અને કુરઆન :

અલ્લાહ તઆલા તરફથી જિબ્રઈલ મારફત પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઉપર કુરઆનની આયતો નાઝિલ થતી કે તુરત જ હઝરત અલી (અલયહિસ્સલામ) તે લખી લેતા અને તે વિષે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સાથે ચર્ચા કરતા. ઈમામ અલી (અલયહિસ્સલામ) પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં એટલા નીકટના સાથી હતા કે કુરઆનની જે આયતો

નાઝિલ થતી તે તેઓને સૌથી પહેલા સાંભળવા મળતી.

## (૬) લગ્ન :

હિજરતના બીજા વર્ષે (હિજરી સન ૨ (બે) માં) હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પ્રાણપ્યારી પુત્રી બીબી ફાતેમા (અલય્હિસ્સલામ) સાથે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની શાદી થઇ હતી.

અરબ કૌમના ઘણા શ્રીમંત અને શક્તિશાળી કુટુંબોના લોકોએ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

પાસે બીબી ફાતેમા (અલય્હિસ્સલામ)ના હાથની માંગણી કરી હતી. પરંતુ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેઓની માંગણીને એવું કહીને નકારી કાઢી હતી કે અલ્લાહ તઆલાએ તેમની પ્યારી પૂત્રી બીબી ફાતેમાની શાદી હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે કરવાનો હુકમ આપ્યો છે.

હઝરત અલી (અલય્હિસ્સલામ) અને ફાતેમા (અલય્હિસ્સલામ)ની શાદી ખુબજ સાદગીપૂર્વક યોજાય હતી. હઝરત અલી (અલય્હિસ્સલામ) અને બીબી ફાતેમા (અલય્હિસ્સલામ)ની પછી અલ્લાહે તેઓને

ચાર સંતાનો આપ્યો. જેમના નામ નીચે પ્રમાણે છે.

(૧) ઈમામ હસન (અલય્હિસ્સલામ)

(૨) ઈમામ હુસેન (અલય્હિસ્સલામ)

(3) જનાબે ઝયનબ (અલય્હિસ્સલામ)

(૪) જનાબે ઉમ્મે કુલસુમ (અલય્હિસ્સલામ)

જનાબે ફાતેમા (અલય્હિસ્સલામ)ના ઇન્તેકાલ પછી ઈમામ અલી (અલય્હિસ્સલામ)એ ઉમ્મુલ બનીન સાથે શાદી કરી. એ શાદી પછી હઝરત અબ્બાસ (અલય્હિસ્સલામ)ની વિલાદત થઇ. તેઓ એટલા બધા ખુબસુરત હતા કે કમરે-બની-હાશીમ (હાશીમ કુટુંબનાં ચાંદ) નામના

લકબથી ઓળખાતા હતા. તેઓએ કરબલાના મેદાનમાં ખુબજ બહાદુરી અને વફાદારીનો પુરાવો રજુ કરેલ હતો.

પ્રશ્નો :

૧. હઝરત અલી (અલય્હિસ્સલામ)ની શાદી કોની સાથે અને ક્યારે થઇ ?

૨. હઝરત અબ્બાસ કોણ હતા અને તમની વિશેષતા શું હતી ?

3. જનાબે ફાતેમા (અલય્હિસ્સલામ)થી હઝરત અલી (અલય્હિસ્સલામ)ને કેટલા સંતાનો થયા ? નામ લખો.

## (૭) હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત પછીનો સમય :

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેમના જીવનની છેલ્લી હજ પૂરી કરીને મક્કાથી પાછા ફરતી વખતે ગદીરે ખુમ નામના મેદાનમાં તેમની સાથેના મુસલમાનોને ખુદાના હુકમથી રોકયા. તે જગ્યાએ તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાના વસી (વારસદાર) તરીકે હઝરત અલી (અલય્હિસ્સલામ)ની નિયુક્તિની જાહેરાત

કરી. પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ આ જાહેરાત ૧,૦૦,૦૦૦ (એક લાખ) મુસલમાનોની હાજરીમાં કરી.

આમ છતાં, ૨૮ સફર ૧૧ હીજરીના પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત થયા પછી મુસલમાનોના એક જુથે ભેગા થઈને હઝરત અલી (અલય્હિસ્સલામ)ને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં વારસદાર માનાવાનો ઇન્કાર કરી દીધો. અને પોતાની મેળે પોતાના વારસદાર નક્કી કરી લીધા. એ સંજોગોમાં હઝરત અલી (અલય્હિસ્સલામ)એ

નિવૃત્તિમય જીવન ગાળવાનું અને કુરઆને મજીદને પુસ્તક સ્વરૂપમાં સંકલન કરવાનું કામ ચાલુ રાખ્યું. તે ઉપરાંત જયારે તે સમયના ખલીફાને સલાહની જરૂર પડતી ત્યારે હઝરત અલી (અલય્હિસ્સલામ) તેઓને સલાહ આપતા. લોકોએ પોતાની મેળે પ્રથમ, બીજા અને ત્રીજા ખલીફાની પસંદગી અને નિમણુંક કરી. ત્રીજા ખલીફાના અવસાન પછી લોકો હઝરત અલી (અલય્હિસ્સલામ)ને ખીલાફતનો હોદ્દો ધારણ કરવાનો આગ્રહ કર્યો.

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત પછી હઝરત

અલી (અલય્હિસ્સલામ) ત્રીસ વર્ષ સુધી હયાત રહ્યા. તેઓએ ૪ વર્ષ અને ૧૦ માસ સુધી ખીલાફતના જાહેરી હોદ્દા ઉપર રહ્યા. હઝરત અલી (અલય્હિસ્સલામ) પોતાના ખીલાફતના સમયકાળ દરમિયાન કુફા ખાતે રહેવા ગયા હતા. કુફા ઈરાકનું એક શહેર છે. તે પહેલા તેઓ મદીનામાં રહેતા હતા. હઝરત અલી (અલય્હિસ્સલામ)એ પોતાના ખીલાફતના સમય દરમિયાન ઇસ્લામના દુશ્મનો સામે જે જંગો લડી હતી તેના નામ જંગે જમલ અને જંગે સિફ્ફીન હતા.

હઝરત અલી (અલય્હિસ્સલામ)એ લખેલું વિખ્યાત કિતાબનું નામ “નહજુલ

બલાગાહ” છે. જે તેઓના ખુત્બાઓ પત્રો અને હદીસોનો સંગ્રહ છે.

## (૮) શહાદત :

૧૯મી રમઝાન, ૪૦ હીજરીના મસ્જીદે કુફામાં હઝરત અલી (અલય્હિસ્સલામ) નમાઝે સુબ્હ પઢતા હતા ત્યારે અબ્દુર રહમાન ઇબ્ને મુલ્જીમ નામના ખારજીએ (તેની ઉપર અલ્લાહની લાનત થાય) આપના સર મુબારક ઉપર ઝેર પાએલી તલવારનો ઘા કર્યો હતો. ૧૯ મી માહે રમઝાનના બે દિવસ પછી એટલે કે ૨૧મી રમઝાનના હઝરત અલી (અલય્હિસ્સલામ)ની

શહાદત થઇ. તેઓની કબ્ર મુબારક ઈરાકના નજફે અશરફ નામના શહેરમાં આવેલી છે.

પ્રશ્ન : હઝરત અલી (અલય્હિસ્સલામ)ની શહાદત ક્યારે અને કોના હાથે થઇ ? આપનું દફન સ્થળ ક્યા છે ?

## (૯) હઝરત અલી (અલય્હિસ્સલામ) અને તેમનો કાતિલ :

ઇબ્ને મુલ્જીમે હઝરત અલી (અલય્હિસ્સલામ) ઉપર તલવારનો ઘા કર્યો, ત્યારે તેઓ (અલય્હિસ્સલામ) સજદામાં હતા. તેઓના માથામાંથી લોહી વહેવા લાગ્યું. તે વખતે કેટલાક લોકો તેઓની મદદે આવી

પહોચ્યા. અમુક લોકોએ ઇબ્ને મુલ્જીમને લોહિવાળી તલવાર સાથે ભાગતો જોયો. લોકોએ તેની પાછળ દોડીને તેને પકડી લીધો.

લોકો ઇબ્ને મુલ્જીમને પકડીને હઝરત અલી (અલય્હિસ્સલામ) સમક્ષ લઇ આવ્યા. દોડવાના કારણે તે હાંફી રહ્યો હતો. હઝરત અલી (અલય્હિસ્સલામ)એ જોયું કે તે તરસ્યો છે. તે વખતે હઝરત અલી (અલય્હિસ્સલામ) માટે દુધ લાવવામાં આવ્યું. હઝરત અલી (અલય્હિસ્સલામ)એ દુધ તરફ જોયું અને કહ્યું કે : આવો જ દુધનો ગ્લાસ ઇબ્ને મુલ્જીમને પણ આપો, તે ઘણો જ તરસ્યો છે. ઈમામના

કાતિલને પણ દુધ આપવામાં આવ્યું. ઇબ્ને મુલ્જીમે આભારવશ થઇને દુધ પીને પોતાની તરસ બુજાવી.

ઇબ્ને મુલ્ઝીમની તલવારના પ્રહાર પછી બે દિવસમાં હઝરત અલી (અલય્હિસ્સલામ)ની શહાદત થઇ. તે વખતે આખા કૂફામાં રૂદનનો શોર થઈ ગયો. હઝરત અલી (અલય્હિસ્સલામ) શેરે ખુદા, ખુબજ બહાદૂર, વિનમ્ર, વીર મુસ્લિમ હતા. તેઓએ પોતાનું સમગ્ર જીવન અલ્લાહ, તેના રસુલ અને દીનની રાહમાં વકફ કરી નાખ્યું હતું. તેઓ દુનિયાના એકમાત્ર એવા વિર હતા જેમની વિલાદત અલ્લાહનાં ઘર (ખાન-એ-

કાઅબા)માં અને શહાદત પણ અલ્લાહના ઘર (મસ્જિદ) માં થઇ હતી. આવા મહાન ઈમામ અલી (અલય્હિસ્સલામ)નાં માનનારા હોવાનું આપણે સર્વોને ગૌરવ છે. હઝરત અલી (અલય્હિસ્સલામ) પ્રત્યે મોહબ્બત ઈમાનની નિશાની છે.

પ્રશ્નો :

૧. હઝરત અલી (અલય્હિસ્સલામ)એ ઇબ્ને મુલ્જીમ સાથે કેવો વ્યવહાર કરવા ફરમાવ્યું હતું ?

૨. હઝરત અલી (અલય્હિસ્સલામ)ની વિલાદત અને શહાદતની દ્રષ્ટિએ શું ખાસીયત છે?

## (૧૦) હઝરત પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ) વિશે શું ફરમાવ્યું ?

પયગંબર ઇસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ) વિશે ફરમાવ્યું છે કે :-

(૧) 'અના મદિનતુલ ઇલ્મ વ અલીય્યુન બાબોહા'

"હું ઇલ્મનું શહેર છું અને હઝરત અલી (અલય્હિસ્સલામ) તેના પ્રવેશદ્વાર (દરવાજા) છે."

(૨) “અલી હક સાથે છે અને હક અલી સાથે છે.”

(૩) (એ) “અલ્લાહને અલી અને મારા સિવાય કોઈ ઓળખાતું નથી.”

(બી) “અલી (અલય્હિસ્સલામ)ને અલ્લાહ અને મારા સિવાય કોઈ ઓળખાતું નથી.”

(સી) “મને અલ્લાહ અને અલી સિવાય કોઈ ઓળખાતું નથી.”

## (૨) જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા)

(૧) નામ : ફાતેમા

(૨) લકબ : અઝ - ઝહેરા

(3) કુન્નીયત : ઉમ્મુલ અઈમ્મા

(૪) વિલાદત : મક્કા શુક્રવાર ૨૦ જમાદીઉલ આખર

(૫) વિલાદતનું સ્થળ : મક્કાએ મોઅઝઝમાં

(૬) પિતાનું નામ : પવિત્ર પયગંબર હઝરત મોહમ્મદ ઇબ્ને અબ્દુલાહ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)

(૭) માતાનું નામ : ખદીજા બિન્તે ખુવયલદ

(૮) વફાત : ૧૮ વર્ષની વયે. મદીનામાં તા.૧૪ જમાદીઉલ આખર હી. સન ૧૧

(૯) દફન સ્થળ : જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં (મદીન-એ-મુનવ્વરા)

હિજરતના સાત અથવા આઠ વર્ષ પહેલા અલ્લાહ તઆલાએ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને જનાબે ખદીજાને ફાતેમા નામની સુપુત્રી અતા કરી.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની ઉમર બહુજ નાની હતી. ત્યાજ તેમના માતા જનાબે ખદીજા વફાત પામ્યા. આ એ સમય હતો જયારે મક્કાના કાફરોની હઝરત

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પ્રત્યેની દુશ્મની પરાકાષ્ઠાએ પહોચેલી હતી. અને તેઓ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને જુદીજુદી રીતે હેરાન કરતા હતા. એ વખતે બીબી ફાતેમા (સલામુલ્લાહે અલયહ)ની વય નાની હોવા છતા તેઓ તેમના પિતા પ્રત્યે ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતા અને તેઓ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ચિંતા ઓછી થાય તે માટે સાંત્વના આપતા. આજ કારણસર પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બીબી ફાતેમા (સલામુલ્લાહે અલયહ)ને ઉમ્મે અબીહા

(પોતાના પિતાની માતા)ના લકબથી યાદ કરતા. આ ઉપરાંત પણ તેમના બીજા કેટલા લકબ હતા. જેમાંથી 'બતુલ' અને 'ઝેહરા' મશહુર છે. બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની પાકીઝગી, હિમ્મત અને અલ્લાહની બંદગીને કારણે તેમને "સય્યદતુન નીસાઈલ આલમીન" એટલે કે "તમામ દુનીયાઓની સ્ત્રીઓમાં મહાન"નો લકબ મળ્યો હતો.

પ્રશ્નો :

૧. જનાબે ફાતેમા (સલલલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને રસુલ (સ.) ઉમ્મે અબીહા શા માટે કહેતા હતા.

૨. જનાબે ફાતેમા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના બીજા મશહુર લકબો લખો.

### (૧) લગ્ન :

જયારે બીબી ફાતેમા (સલામુલ્લાહે અલયહ) ઉમરલાયક થયા ત્યારે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ અલ્લાહ હુકમથી તેમના શાદી હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે કરી. તેમની શાદી તા. ૧ ઝીલ્હજ ૨ હિજરી સન, શુક્રવારના થઈ

અલ્લાહ તઆલાએ તેમને ચાર સંતાન (બે પુત્ર અને બે પુત્રી) અર્પણ કર્યા

**જેમના નામો આ પ્રમાણે છે :**

(૧) ઈમામ હસન (અલય્હિસ્સલામ)

(૨) ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)

(3) જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) અને

(૪) જનાબે ઉમ્મે કુલસુમ (સલામુલ્લાહે અલય્હા)

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલયહ)ના પાચમાં સંતાન હઝરત મોહસીન (અલય્હિસ્સલામ) હતા. જે બીબી ફાતેમા

(સલામુલ્લાહે અલય્હા) પર થયેલા હુમલાને કારણે તેમના પેટમાં જ શહીદ થઈ ગયા હતા.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ને અલ્લાહના મહાન પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના પુત્રી, ઈમામ અલી (અલય્હિસ્સલામ)ના પત્ની અને અગીયાર ઈમામોની માતા હોવાનો ઉચ્ચ મરતબો મળ્યો છે. આવો મરતબો બીજી કોઈ પણ સ્ત્રીને મળ્યો નથી

પ્રશ્ન : બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નો શું મરતબો હતો ?

## (૨) સદગુણ :

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલચ્હા)ને તેઓના પિતા હઝરત પયગંબર (સલ્લલ્લાહો અલચ્હે વ આલેહી વસલ્લમ) પાસેથી સખાવત, સબ્ર, હિકમત, અલ્લાહની ઇતાઅત, દ્રઢ નિર્ણયશક્તિ, નફસની કુરબાની, મહેમાનગતિ, સાદગી, ઇલ્મ અને સહનશીલતા જેવા ઉચ્ચ ગુણો વારસામાં મળ્યા હતા.

હઝરત ઈમામ હુસૈન (અલચ્હિસ્સલામ)એ એક વખત ફરમાવ્યું હતું

કે : ‘હું મારી માતાને સવારથી સાંજ સુધી ઇબાદતમાં મશગુલ જોતો હતો.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) એટલા બધા સખી હતા કે કોઈ માંગનાર તેમના દરવાજેથી પાછો ફર્યો ન હતો. ઘણી વખત તેઓ પોતે ભૂખ્યા રહીને પણ ફકીરોને ખવડાવતા હતા.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) ખુબજ ઇલ્મ અને ઉમદા સ્વભાવ ધરાવતા હતા. મુસ્લિમ સ્ત્રીઓને કોઈપણ મુશ્કેલી હોય ત્યારી બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) પાસે આવતી અને તેઓ (સલામુલ્લાહે

અલય્હા) તેનો ઉકેલ શોધી આપતા. એટલુ જ નહી તેમને માર્ગદર્શન આપી મદદ કરતા.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) ખુબજ સાદું જીવન ગાળતા. તેઓ કિંમતી કપડા કે બીજી બાબતોની અપેક્ષા રાખતા ન હતા. બીજી બાજુ તેઓના જીવનમાં નમાઝ, સખત પરિશ્રમ, ઇલ્મ અને સારા વર્તનને આગવું મહત્વ હતું. તેઓ પોતાના ઘરમાં રહીને પોતાના સંતાનોનો ઉછેર અને કેળવણીમાં મશગુલ રહેતા.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) એટલા નેક અને મુત્તકી સ્ત્રી હતા. જેઓ વિશ્વાભરની સ્ત્રીઓ માટે અજોડ ઉદાહરણ છે.

તેમના પિતાએ તેમને ઘરકામમાં મદદ કરવા માટે એક કનીઝ ભેટ આપી હતી. તેમ છતાં બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) હંમેશા તે કનીઝ પાસે કામ ન કરાવતા. પરંતુ એક દિવસ પોતે જાતે કામ કરતા અને તે કનીઝને આરામ કરવા દેતા અને એક દિવસ કનીઝ પાસે કામ કરાવતા.

આ રીતે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં કુટુંબીજનોએ તેમની જિંદગીમાં સમાનતાનાં દાખલા દુનિયા સામે રજુ કર્યા હતા.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) એટલા મહાન સબ્ર અને સહનશીલતાના

માલિક હતા કે તેમના પતિ સમક્ષ કદી કોઈ વાતની ફરિયાદ કરી ન હતી. ઘણી વખત એવું બનતું કે હઝરત અલી (અલય્હિસ્સલામ) મીસ્કીનો અને ફકીરો વચ્ચે પોતાની બચતની સખાવત કરી દેતા. જેના પરિણામે તેમના કુટુંબીજનોને ભૂખ્યા રહેવું પડતું. આમ છતા, બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)એ કદી ધીરજ ગુમાવી ન હતી. અને આ રીતે તેઓએ આવનારી પેઢી માટે દ્રષ્ટાંત પુરૂં પાડયું હતું, કે સમાજમાં સ્ત્રી અને પુરૂષ સરખું સ્થાન ધરાવે છે, ફક્ત જીવનમાં તેમની જવાબદારી અને કાર્યો જુદાજુદા હોય છે. કુરઆને મજીદમાં પુરૂષો અને સ્ત્રીઓની ફરજો

દર્શાવવામાં આવી છે. જો તેઓ પોતાની મર્યાદામાં રહીને જીવન વિતાવે તો દુનિયા અને આખેરતમાં તેમનું જીવન સફળ અને શ્રેષ્ઠ બની શકે છે.

હઝરત પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું હતું કે : “ફાતેમાં મારા જીગરનો ટુકડો છે.” જેનો અર્થ એ થાય છે કે જેવી રીતે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને માન આપવામાં આવે તેવી જ રીતે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ને પણ માન આપવું જોઈએ. પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) બીબી ફાતેમા

(સલામુલ્લાહે અલય્હા)ને ખુબજ ચાહતા અને માન આપતા. જયારે બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) ઘરમાં આવતા ત્યારે તેમના સ્વાગત અને આદર માટે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પોતાની જગ્યાએથી ઉભા થઇ જતા અને તેમના પોતાના સ્થાને બેસારતા. એટલુજ નહિ, તેમના હાથને ચુંબન કરતા. આ પ્રમાણે અમલ કરીને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ વાતને સાબિત કરી દીધી કે ઇસ્લામમાં સ્ત્રીઓને પુરૂષો કરતા જરા પણ નીચો દરજ્જો આપાયો નથી. પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

જયારે પણ બીબી ફાતેમા (અલય્હિસ્સલામ)ને મળવા માટે જતા ત્યારે તેમની પરવાનગી મેળવ્યા પછી જ ઘરમાં દાખલ થતા.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની પ્રસંશામાં કુરઆનની ઘણી આયતો નાઝિલ થઇ છે. પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : “ફાતેમાની ખુશી એ મારી ખુશી છે અને મારી ખુશી અલ્લાહની ખુશી છે. ફાતેમાની નારાજગી એ મારી નારાજગી છે અને મારી નારાજગી એ અલ્લાહની નારાજગી છે.”

ઇસ્લામમાં બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નો દરજ્જો ઘણો ઉંચો છે. બીબી

ફાતેમા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) દુનિયામાં હયાત હતા ત્યારથી આખેરત સુધી દુનિયાની તમામ સ્ત્રીઓના નેતા છે. તેમનું જીવન અને ચારિત્ર્ય એ દુનિયાની તમામ સ્ત્રીઓને અનુસરવા માટેનું ઉત્તમ ઉદાહરણ છે.

"સાદાઈ અને નેકી સ્ત્રીઓનું આભુષણ છે. "

પ્રશ્નો :

૧. હઝરત ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નાં કોઈપણ ત્રણ સદગુણો જણાવો.

૨. જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) જયારે ઘરમાં આવતા ત્યારે પયગંબર

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તેમનું કઈ રીતે સ્વાગત કરતા ?

## (૧) વફાત :

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) તેમના પિતા હઝરત પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત પછી ૭૫ દિવસથી વધારે દિવસ જીવ્યા ના હતા. પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત પછી લોકો તરફથી ઘણી તકલીફ આપવામાં આવી. અને ૧૪ જમાદીઉલ અવ્વલ, હિજરી સન ૧૧ ના તેઓ પણ વફાત પામ્યા.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)એ પોતાની વફાત પહેલા હઝરત અલી (અલય્હિસ્સલામ)ને ત્રણ વસીયત કરી હતી. જેમાં આપ (સલામુલ્લાહે અલય્હા)એ નીચે મુજબ વિનંતી કરી હતી.

(૧) પોતાની કફન - દફન વિધીની કાર્યવાહી હઝરત અલી (અલય્હિસ્સલામ) પોતે કરે.

(૨) જે લોકોએ પોતાને તકલીફ આપી છે તેઓને પોતાના જનાઝામાં આવવા ન દેવા.

(૩)પોતાની કફન-દફન વગેરેની વિધી રાત્રીના સમયે કરવી.

બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની વસીયત પ્રમાણે હઝરત અલી

(અલય્હિસ્સલામ)એ તેમની કફન-દફન વગેરેની વિધી રાત્રીના કરી હતી. જનાઝામાં ફક્ત તેમના પુત્રો અને સગાઓ જ હાજર હતા. બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) જન્નતુલ બકીઅના કબ્રમાં આરામ ફરમાવી રહ્યા છે.

પ્રશ્નો :

૧. હઝરત ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)એ શું વસીયત કરી હતી ?

૨. રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) પછી જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) કેટલા દિવસ જીવતા રહ્યા ? તેઓની વફાત તારીખ લખો.

# (3) હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)

(૧) નામ : હસન

(૨) લકબ : અલ - મુજતબા

(3) કુન્નીયત : અબુ મોહમ્મદ

(૪) વિલાદત : ૧૫ માહે મુબારક રમઝાન, હીજરી સન 3 મંગળવાર - મદીના

(૫) પિતાનું નામ : અલી બિન અબુ તાલીબ

(૬) માતાનું નામ : ફાતેમા (પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનાં પુત્રી)

(૭) શહાદત : ૪૭ વર્ષની વયે, તા. ૨૮ સફર, ૫૦ હીજરી. ગુરૂવારે મદીનામાં

(૮) કબ્ર મુબારક : જન્નતુલ બકીઅ (મદીના)

ઈમામ હસન (અલય્હિસ્સલામ), હઝરત અલી (અલય્હિસ્સલામ) અને જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ના સૌથી મોટા પુત્ર છે. તેઓ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં દોહિત્ર (નવાસા) અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના મોટાભાઈ છે.

ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની વય આઠ વર્ષની હતી ત્યારે તેમની માતાએ અને

૩૮ વર્ષની વયે તેમના પિતાનો ઇન્તકાલ થયો હતો.

ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની વિલાદત થઇ ત્યારે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેઓને પોતાના હાથમાં લીધા અને તેઓના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામહ પઢ્યા અને અલ્લાહ તઆલાનાં હુકમથી તેમનું નામ “હસન” રાખ્યું.

## (૧) બાળપણ :

ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની જિંદગીના પ્રથમ સાત વર્ષ હઝરત પયગંબર

(સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં સાનિધ્યમાં ગુજારવાનો સુંદર અવસર પ્રાપ્ત થયો. પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેઓને ઇલ્મ, વિદ્વતા, સબ્ર, સખાવત, શુજાઅત વગેરે અનેક ગુણોના માલિક બનાવ્યા હતા.

કુરઆને શરીફની જે આયતો નાઝિલ થતી તે આયતો તેઓ (અલય્હિસ્સલામ)એ બચપણથી જ જાણી લીધી હતી.

ઈમામ હસન (અલય્હિસ્સલામ) જન્મથી જ માસુમ હતા અને તેઓને અલ્લાહ તરફથી ઇલાહી ઇલ્મ મળ્યું હતું.

## (૨) હઝરત ઈમામેં હસન (અલય્હિસ્સલામ)ની ઇમામત :

હઝરત અલી (અલય્હિસ્સલામ) જાહેરી ખીલાફતના હોદ્દા ઉપર આવ્યા ત્યારે મદીના છોડીને રહેવા માટે કુફા ચાલ્યા ગયા. ઈમામ હસન (અલય્હિસ્સલામ) પણ તેઓની સાથે ગયા. ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ તેમનાં પિતા હઝરત અલી (અલય્હિસ્સલામ) સાથે જંગ જમલ, જંગે સિફ્ફિન અને જંગે નહેરવાન નામની પ્રખ્યાત લડાઈઓમા ભાગ લીધો હતો. ૨૧મી માહે મુબારક રમઝાન હી.૪૦મા હઝરત અલી(અલય્હિસ્સલામ)ની

શહાદત થવા પછી હઝરત ઈમામ હસન (અલય્હિસ્સલામ) ઈમામ બન્યા. સિરિયા (શામ)નો એક માણસ જેનું નામ મોઆવિયા હતું તે પણ ખિલાફતનો હોદ્દો મેળવવા માંગતો હતો.

મોઆવિયા એક પ્રપંચી અને ઘાતકી માણસ હતો. મોઆવીયાનું લશ્કર ઈરાની સરહદ પરના ગામડાઓના નિર્દોષ મુસ્લિમ સ્ત્રી, પુરૂષો અને બાળકોને લૂંટીને તેમનું લોહી વહાવતું હતું. તેજ અરસામાં મોઆવિયાએ કુફાના મોટા ભાગના લોકોને લાંચ આપીને ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની વિરૂધ્ધ ઉશ્કેર્યા હતા. ઈમામેં હસન

(અલય્હિસ્સલામ)એ તે લોકોનો સામનો કરવા માટે લશ્કર મોકલ્યું હતું. પરંતુ તે લશ્કરના સરદારને પણ મોઆવીયાએ લાંચ આપીને ખરીદી લીધો. ઈમામે (અલય્હિસ્સલામ)એ બીજું લશ્કર મોકલ્યું પણ બીજા લશ્કરના સરદારે પણ લાંચ ખાઈને ઈમામ (અલય્હિસ્સલામ) સાથે બેવફાઈ કરી. ત્યારપછી ત્રીજું લશ્કર મોકલવામાં આવ્યું તેનો સરદાર પણ લાંચ લઈને ફૂટી ગયો.

ઈમામે હસન (અલય્હિસ્સલામ)એ વિચાર્યું કે : જો મોઆવિયા સાથે જંગ કરવામાં આવશે તો હજારો મુસલમાનો કત્લ થઇ જશે. તે ઉપરાંત કુફા અને તેની

આસપાસનાં વિસ્તારમાં રહેતા ઘણા લોકોના દિલ અને ઈમાન કમજોર હતા. આ પરિસ્થિતિ જોઇને ઈમામે હસન (અલય્હિસ્સલામ)એ મોઆવિયા સાથે સુલેહ (યુધ્ધ વિરામ) કરવાનું નક્કી કર્યું. જે સુલેહની શરતો નીચે મુજબ હતી :

(૧) મોઆવિયાએ કુરઆને મજીદના હુકમોનું પાલન કરવાનું રહેશે.

(૨) મોઆવીયાએ ઈમામ અલી (અલય્હિસ્સલામ)ના શીયાઓને તકલીફ નહિ પહોચાડે અને તેમના જાન અને માલનું રક્ષણ કરશે.

(૩) ઈમામ અલી (અલય્હિસ્સલામ) વિષે મોઆવિયા કદી કોઈ અપમાનજનક ખરાબ વાત ઉચ્ચારશે નહી.

(૪) મોઆવિયા પોતાની પછી પોતાનો કોઈ વારસદારની (ખલીફ઼ા તરીકે) નિમણુંક નહી કરી શકે.

મોઆવીયાએ ઉપરની શરતો કબુલ કરીને તેનું પાલન કરવાનું વચન આપ્યું. પરંતુ, થોડા જ દિવસોમાં તેણે વચન ભંગ કર્યો. તેણે શિયાઓને સતાવવાનું શરૂ કરી દીધું. તેણે લોકોને મસ્જીદમાં દરેક નમાઝ પછી હઝરત અલી (અલય્હિસ્સલામ) ઉપર લાનત પઢવાનો હુકમ આપ્યો. અને પોતાની

જિંદગી પછી પોતાના કુપુત્ર યઝીદ (લાઅનતુલ્લાહ)ને પોતાનો વારસદાર નીમ્યો.

મોઆવિયા સાથેની સુલેહ પછી ઈમામે હસન (અલય્હિસ્સલામ) કુફાથી મદીના પાછા ફર્યા. મદીનામાં તેઓએ મોટા ભાગનો સમય કુરઆને મજીદ લખવામાં અને કુરઆનનો અર્થ સમજાવવામાં પસાર કર્યો. હજારો લોકો મદીનામાં પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં નવાસા ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની મુલાકાત માટે આવતા.

ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ નિર્દોષ લોકોનું લોહી ન વહે તે માટે

ખીલાફતનો જાહેર હોદ્દો છોડી દીધો હતો. તેમ છતાં, તેઓ તે ઝમાનાના રૂહાની ઈમામ હતા અને ઈમામ તરીકેની ફરજ બજાવતા હતા.

**પ્રશ્નો :**

**(૧) ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ શા માટે સુલેહ કરી ?**

**(૨) ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ સુલેહ માટે કઈ શરતો મૂકી ?**

## (3) સદગુણ :

ઈમામ હસન (અલય્હિસ્સલામ) અલ્લાહ તઆલાની બહુજ ઈબાદત કરતા. તેઓ અલ્લાહ તઆલાની ઈબાદત અને નમાઝમાં

એટલા બધા મશગુલ રહેતા કે તેઓના (સિજદા કરતી વખતે જમીન ઉપર સ્પર્શતા અવયવો) પગના ઘૂંટણ વગેરે જખ્મી થઇ જતા. તેઓ રાતનો મોટા ભાગનો સમય મુસલ્લા ઉપર ઈબાદત કરવામાં વિતાવતા હતા. તેઓ જયારે ઈબાદત કરતા ત્યારે ખુદાના ખૌફથી તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગતા. વઝુ કરતી વખતી તેઓ (અલય્હિસ્સલામ) અલ્લાહના ખૌફથી ધ્રુજવા લાગતા અને તે કારણે તેમનો ચહેરો પીળો પડી જતો હતો.

ઈમામ હસન (અલય્હિસ્સલામ) તેમના ઝમાનાનામાં સૌથી વધુ આલીમ અને શ્રેષ્ઠ

માનવ હતા. તેઓનું વ્યક્તિત્વ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) સમાન હતું. પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના બીજા વારસદારો (એહલેબૈત)ની જેમ તેઓ તેમના યુગમાં ખુબજ નમ્ર અને ઉદાર હતા.

ઈમામ હસન (અલય્હિસ્સલામ) દુન્વયી સંપતિના માલિક હતા. તેઓ ધારત તો એશોઆરામભરી જિંદગી વિતાવી શકત. પરંતુ તેઓએ તેમના માલનો ઉપયોગ ગરીબોની મદદ કરવામાં કર્યો હતો.

ઈમામ હસન (અલય્હિસ્સલામ) એટલા નમ્ર અને ઉદાર હતા કે તેઓ મદીનાના

ફકીરો સાથે બેસીને તેઓના મઝહબી પ્રશ્નોનાં જવાબ આપવામાં કદી સંકોચ અનુભવતા નહી.

ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની મુલાકાત માટે ગરીબ લોકો તેમના ઘરે આવતા ત્યારે તેઓ એટલું બધું નમ્રતાભર્યું વર્તન કરતા કે તે ગરીબ લોકો કદી નાનપ કે સંકોચ અનુભવતા નહિ. ગરીબ લોકો ઉપરાંત જરૂરતમંદો અને યતિમો પણ હઝરત ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની સાથે તેમના સુફરા પર બેસીને જમતા હતા. ઈમામ હસન (અલય્હિસ્સલામ)ને ઘણી તકલીફો અને મુસીબતોનો સામનો કરવો પડયો હતો.

મોઆવીયાએ ઈમામ હસન (અલય્હિસ્સલામ) ઉપર ઘણા ઝુલ્મ કર્યા હતા. જેનો ઈમામ (અલય્હિસ્સલામ)એ ધીરજપૂર્વક સામનો કર્યો હતો. તેથી તેઓને "હલીમ"નાં લકબથી ઓળખવામાં આવતા હતા. હલીમનો અર્થ "ધીરજ અને સહનશીલતાનાં માલિક" થાય છે.

એક દિવસ મોઆવીયાને ચાહનાર એક માણસ હઝરત ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાજર થયો. તે ઈમામ (અલય્હિસ્સલામ)નો વિરોધી હતો. તેથી તેને ઈમામ (અલય્હિસ્સલામ)ને સલામ ન કરી. એટલું જ નહિ તે ઈમામ

(અલય્હિસ્સલામ)સાથે અસભ્ય ભાષામાં વાત કરવા લાગ્યો. તે વખતે ઈમામેં હસન (અલય્હિસ્સલામ)નાં જે ચાહકો હાજર હતા તેમણે તે માણસને તેના આ વર્તન બદલ સજા કરવા માંગતા હતા. પરંતુ ઈમામ હસન (અલય્હિસ્સલામ) તેઓને રોકયા. ઈમામ હસન (અલય્હિસ્સલામ) તે માણસને કહ્યું : સલામુન અલયકુમ. અને પછી તેના ખબર અંતર પૂછ્યા. ઈમામેં (અલય્હિસ્સલામ) તેની સાથે ખુબ જ સુંદર વર્તન કર્યું અને તે માણસને પોતાના ઘરે આવવા માટે નિમંત્રણ આપ્યું. જયારે તે માણસે ઈમામ (અલય્હિસ્સલામ)નું આવું ઉમદા ચારિત્ર્ય

જોયું ત્યારે તેને ખુબજ ભોઠપ અનુભવી. તે માણસને એ વાત સમજાઈ ગઈ કે મોઆવિયાએ ઈમામ અલી (અલય્હિસ્સલામ) અને ઈમામ હસન (અલય્હિસ્સલામ) વિષે જે વાતો કરી હતી તે ખોટી હતી. તેથી તે મદીનાની બહાર જતા પહેલા ઈમામ હસન (અલય્હિસ્સલામ) પાસે ગયો અને તેને ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની માફી માંગી લીધી. ત્યારપછી તે પોતાની બાકીની જિંદગી દરમ્યાન જયારે પણ કોઈને ઈમામ હસન (અલય્હિસ્સલામ) અથવા એહલેબૈત (અલય્હિસ્સલામ)ની કોઈ પણ વ્યક્તિ વિરૂધ્ધ કાઈ પણ સાંભળતો ત્યારે તેની વાતને

જુઠલાવતો અને ઈમામ હસન (અલય્હિસ્સલામ) કેટલા દયાળુ અને ઉદાર હતા તેનું વર્ણન કરતો હતો.

ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની ઉદારતાનો બીજો એક પ્રસંગ જોઈએ. એક દિવસ એક કનીઝ (ગુલામ છોકરી)એ ઈમામ હસન (અલય્હિસ્સલામ)ને એક પુષ્પગુચ્છ ભેટ આપ્યો. કનીઝનાં આ તોહફાના બદલામાં ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ તેણીને મુક્ત (આઝાદ) કરી દીધી. અને કહ્યું કે : “મેં તને ખુદાની ખુશી માટે આઝાદ કરી દીધી.: અને ઉમેર્યું કે : વ ઇઝા હય્યીતુમ બે તહીય્યતુમ ફ હય્યુ બે અહસન મિન્હા અવ

રૂદદુહા એટલે કે, “જયારે તમને કોઈ ભેટ આપે ત્યારે તેના બદલામાં તેના કરતા સારી ભેટ આપો.”

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું જો કોઈ જન્નતના જવાનોના સરદારને જોવા માંગતું હોય તો તેણે ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની ઝીયારત કરવી જોઈએ.

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું કે :”જે કોઈ મને મોહબ્બત કરતુ હોય તેને તેઓને (ઈમામ હસન (અલય્હિસ્સલામ)ને) પણ મોહબ્બત કરવી જોઈએ.”

ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ પચ્ચીસ વખત હજ કરી હતી અને તેઓ મદીનાથી મક્કા સુધી પગે ચાલીને જતા હતા. તેઓની સખાવત એટલી બલંદ હતી કે તેઓએ બે વાર પોતાની પાસે જે કઈ પણ હતું તે બધું અને ત્રણ વાર પોતાની પાસે જે હતું તેનું અડધું અલ્લાહની રાહમાં આપી દીધું હતું.

પ્રશ્નો :

(૧) ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની નમ્રતા અને ઉદારતા વર્ણવતો એક પ્રસંગ લખો.

(૨) ઈમામ (અલય્હિસ્સલામ) ભેટનો બદલો આપવા બાબત શું કહે છે ?

(૩) ઈમામ હસન (અલય્હિસ્સલામ) વિશે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ શું ફરમાવ્યું ?

(૪) ઈમામ (અલય્હિસ્સલામ)એ કેટલી વાર હજ કરી હતી ? કેવી રીતે ?

## (૪) શહાદત :

જયારે ઈમામે હસન (અલય્હિસ્સલામ)નાં માનનારાઓની સંખ્યામાં વૃધ્ધિ થવા લાગી ત્યારે મોઆવીયાને ઈર્ષા

થઇ અને તેને પોતાની સત્તા ચાલી જશે, તેવું લાગ્યું.

મોઅવીયાએ પોતાના પુત્ર યઝીદ (લાઅનતુલ્લાહ)ને પોતાનો વારસદાર બનાવવા માંગતો હતો. પરંતુ ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની હયાતી અને સુલેહની શરતોને કારણે એ બાબત શકય ન હતી.

મોઆવીયાએ ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની પત્ની જોઅદા બિન્તે અશઅસને લાલચ આપી તેના દ્વારા ઈમામ (અલય્હિસ્સલામ)ને ઝેર આપવાનું કાવત્રું રચ્યું. ઈમામ (અલય્હિસ્સલામ) તા.૨૮સફર હી.૫૦માં શહીદ થયા. તેઓની શહાદત

વખતે તેઓની ઉમર ૪૭ વર્ષ હતી તેઓ ૧૦ વર્ષ સુધી ઈમામતના હોદ્દા ઉપર રહ્યા હતા. ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની કફન અને દફનની વિધિ તેમના નાના ભાઈ હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ કરી. ઈમામ હસન (અલય્હિસ્સલામ)ના જનાઝાને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના રોઝા મુબારકમાં દફન માટે લઇ જવાનો હતો ત્યારે દુશ્મનોએ જનાઝા ઉપર તીરોથી હુમલો કર્યો અને રોઝા મુબારકમાં દફન થવા ન દીધા. તેથી ઈમામ (અલય્હિસ્સલામ)ને મદીનામાં જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા.

પ્રશ્નો :

(૧) ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની શહાદત કઈ તારીખે થઇ ?

(૨) ઈમામ હસન (અલય્હિસ્સલામ)ને કયાં દફન કરવામાં આવ્યા ? શા માટે ?

## (૫) ઈમામ હસન (અલય્હિસ્સલામ)નાં જીવનમાંથી નીચે પ્રમાણેનું શિક્ષણ મળે છે :

ઈમામ હસન (અલય્હિસ્સલામ) આપણા બીજા ઈમામ છે. આપણે તેઓના અનુયાયીઓ છીએ. તેઓ સાથે મોહબ્બત કરવી અને તેઓએ આપેલ શિક્ષણ ઉપર

અમલ કરવો એ આપણી ફરજ છે. જો આપણે તેઓએ દેખાડેલા માર્ગથી વિરૂધ્ધ અમલ કરીએ તો આપણે તેમના સાચા માનનારા ગણાતા નથી. ઈમામ હસન (અલય્હિસ્સલામ)નાં જીવન અને સદગુણો ઉપર ધ્યાન આપવું જોઈએ. તેઓએ આપણને ઘણી બાબતો શીખવી છે. જે પૈકી અમુક નીચે પ્રમાણે છે.

(૧) અલ્લાહ તઆલાની ઈબાદત કઈ રીતે કરવી ?

(૨) ગરીબ, જરૂરતમંદ અને અનાથ લોકો સાથેનું આપણું વર્તન કેવું હોવું જોઈએ ?

(૩) અજાણતાથી આપણી સાથે દુર્વ્યવહાર કરતા હોય તેવા લોકો અને દુશ્મનો સાથે કેવું વર્તન કરવું જોઈએ ?

(૪) ગુલામો અને નોકરો સાથે કેવું વર્તન કરવું જોઈએ ?

ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ પોતે અમલ કરીને આપણને નેક, ઉદાર, સંતોષી, ધીરજવાન, નમ્ર, સહનશીલ, ક્ષમા આપનાર અને ઈબાદત ગુઝાર બંદા બનવાની નસીહત આપી છે.

પ્રશ્ન : ઈમામ હસન (અલય્હિસ્સલામ)નાં જીવનમાંથી મળતા બે બોધપાઠ જણાવો.

# (૪) ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)

(૧) નામ : હુસૈન (અલય્હિસ્સલામ)

(૨) લકબ : સૈયદુશ્શોહદા

(૩) કુન્નીયત : અબુ અબ્દીલ્લાહ

(૪) વિલાદત : ગુરૂવાર તા. 3 શાઅબાન, હિજારી સન ૪ (મદીના).

(૫) પિતાનું નામ : અલી બિન અબીતાલીબ (અલય્હિસ્સલામ)

(૬) માતાનું નામ : ફાતેમા (પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના નેક દુખ્તર)

(૭) શહાદત : કરબલાના મેદાનમાં ૫૭ વર્ષની ઉમરે સોમવાર તા. ૧૦ મોહર્રમ હી.સ.૬૧ (કરબલામાં જ રોઝા મુબારક આવેલો છે.)

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ), હઝરત અલી (અલય્હિસ્સલામ) અને બીબી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)નાં બીજા પુત્ર છે. તેઓ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના નવાસા અને ઈમામ હસન (અલય્હિસ્સલામ)ના નાના ભાઈ છે.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની વિલાદત થઇ ત્યારે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ તેઓએ

પોતાના બંને હાથોમા ઉંચકી લીધા અને અલ્લાહના હુકમથી તેઓનું નામ હુસૈન રાખ્યું.

## (૧) સદગુણ :

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)માં પણ તેમના પિતા અને મોટાભાઈ જીવા સદ્દગુણ જોવા મળતા હતા. તેઓ આલીમ, દયાળુ, બહાદ્દૂર અને આત્મ બલિદાનના ગુણ ધરાવતા હતા. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) અલ્લાહના મહાન બંદા હતા. તેઓના પિતા અમીરૂલ મોઅમેનીન અલી (અલય્હિસ્સલામ)ની જેમ તેઓ પણ

દરરોજ એક હજાર રકાત નમાઝ અદા કરતા હતા.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) દરરોજ પોતાના ખભા ઉપર ખોરાક ભરેલી ટોપલીઓ ઉપાડીને નીકળતા અને જરૂરતમંદ લોકોને વહેચી દેતા. તેઓ (અલય્હિસ્સલામ)ની શહાદત પછી તેમના ખભા ઉપર વજન ઉપાડવાને કારણે પડેલા નિશાન જોવા મળ્યા હતા. તેઓ (અલય્હિસ્સલામ) ઉદાર અને ઉમદા વ્યક્તિ હતા. કોઈ પણ વ્યક્તિ ઇસ્લામના કાનુનોનું ઉલ્લંઘન કરે તે વાત તેઓ કયારેય સહન કરતા નહિ.

એક દિવસ એક અરબ આપની ખિદમતમાં પોતાની હાજત લઈને આવ્યો હતો. તેનું વર્ણન નીચેના પ્રસંગમા કરવામાં આવ્યું છે. આ પ્રસંગથી આપ કેટલા ઉદાર હતા એ વાત જાણવા મળે છે. તે અરબ આપની ખિદમતમાં આવીને આપની પ્રશંસા નીચેના શબ્દોમાં પ્રસ્તુત કરી :

"આપના દ્વારે જે કોઈ હાજત અને આશા લઈને આવે છે તે કદી નિરાશ થઇને ખાલી હાથે પાછો ફરતો નથી. આપ ઉદાર છો અને આપની પાસે આશા રાખવામાં આવે છે..."

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ ઉપરના શબ્દો સાંભળ્યા પછી તે માણસને ચાર હજાર દીનાર આપ્યા અને આટલી ઓછી રકમ આપવા બદલ દિલગીરી વ્યક્ત કરી, અને કહ્યું કે : જો મારી પાસે વધારે પૈસા હોત તો તને વધારે આપત.

એક દિવસ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) મદીનાની શેરીમાંથી ઘોડા ઉપર સવાર થઈને નીકળ્યા તેઓના રસ્તામાં અમુક ફકીરો કુંડાળું વાળીને બેઠા હતા. તેઓ દિવસભર મળેલું ખાણું ભેગું કરીને ખાતા હતા. ફકીરોએ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને પસાર થતા જોયા.

તેઓએ ઈમામ (અલય્હિસ્સલામ)ને સલામ કરી. અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને તેમની સાથે બેસીને જમવા માટે વિનંતિ કરી. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને ફકીરો સાથે બેસી ગયા. તેઓ (અલય્હિસ્સલામ)એ નમ્રતાપૂર્વક જણાવ્યું કે તેઓ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નાં વંશજ છે અને તેઓ માટે સદકાની વસ્તુઓ ખાવી જાએઝ નથી. જો તેઓ માટે સદકાની વસ્તુ ખાવાની મનાઈ ન હોત તો તેઓ (અલય્હિસ્સલામ) તેમની સાથે અવશ્ય જમત. આ વિવેકભરી વિનંતીના ઉકેલ માટે

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ તે ફકીરોને પોતાના ઘરે જમવા માટે આમંત્રણ આપ્યું. જેથી પોતે બધાની સાથે બેસીને જમી શકે. બધા ફકીરોએ આમંત્રણ સ્વીકાર્યું અને તેઓ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને ઘરે જઈને તેમની સાથે જમ્યા.

ઉપરના નાનકડા પ્રસંગથી ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ આપણને નીચે મુજબનો બોધપાઠ આપ્યો છે :

હંમેશા બીજા લોકો ખાસ કરીને ગરીબો પ્રત્યે દયા અને પ્રેમની ભાવના રાખવી જોઈએ.

ફકીર લોકોની લાગણી દુભાવવાને બદલે તેમની યોગ્ય માંગણીઓ પૂરી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જે ઉમદા ચારિત્ર્યની નિશાની છે.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ એક શિક્ષકનો મરતબો કેટલો હોય છે તે નીચેના પ્રસંગથી સમજાવ્યું છે. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) તેઓના એક ફરઝંદને તાલીમ અપાવવા માટે એક મુદર્રીસ પાસે લઈને ગયા. મુદર્રીસ, આલે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)નાં કુટુંબના એક ફરઝંદને તાલીમ આપવાનો પોતાનો દરજ્જો જોઇને ખુશ થયા.

મુદર્રીસે તે ફરઝંદને ખુબજ કાળજી અને વ્હાલથી લખતા અને વાંચતા શીખવ્યું. તેમણે તે બાળકને કુરઆનની એક સુરા પણ મોઢે કરાવી દીધી. જયારે તે બાળકે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને કુરઆનની તે સૂરા સંભળાવી ત્યારે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને ખુબજ આનંદ થયો. તો (અલય્હિસ્સલામ)એ તે મુદર્રીસને તેના બદલામાં ખુબજ મોટી રકમ આપી. બાળકને કુરઆનની એક સુરા મોઢે યાદ કરાવવાના બદલામાં, ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) દ્વારા આટલી મોટી રકમ અપાતી જોઇને કેટલાક લોકો ખુબજ આશ્ચર્ય પામ્યા. જયારે

ઈમામ (અલય્હિસ્સલામ)ને લોકોના આશ્ચર્યની વાત જાણવા મળી ત્યારે આપે (અલય્હિસ્સલામ) ફરમાવ્યું : “મેં મુદર્રીસને જે કાઈ આપ્યું છે તે તેના કામના પ્રમાણમાં ખુબજ નજીવી વસ્તુ છે. કારણ કે તેમનું કાર્ય મહાન છે.” ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નાં ઉપરના વિધાનથી મુદર્રીસનો મરતબો કેટલો છે તેમજ તેનું માન કઈ રીતે જાળવવું જોઈએ અને ઇલ્મનું મહત્વ કેટલું છે તે ઉપરોક્ત બાબતથી સમજાય છે.

ઈમામ હસન (અલય્હિસ્સલામ) અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) વિષે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ) ફરમાવે છે કે : “તેઓ (ઈમામ હસન અલય્હિસ્સલામ અને ઈમામ હુસૈન અલય્હિસ્સલામ) દુનિયામાં મારા નકશે કદમ પર ચાલનારા છે.”

આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું :- હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. વળી આપે ફરમાવ્યું કે : હસન અને હુસૈન ઉભા હોય કે બેઠા હોય તેઓ ઈમામ છે.”

પ્રશ્નો :

૧. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નાં જીવાનમાંથી જાણવા જેવા બે સદગુણો જણાવો.

૨. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ ફકીરો સાથે કેવું વર્તન કર્યું ?

૩. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ મુદર્રીસણો જે મરતબો સમજાવ્યો તે વિશે એક પ્રસંગ લખો.

૪. રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) વિશે શું ફરમાવ્યું છે ?

૫. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની ઉદારતા વિશે ટૂંકમાં લખો.

## (૨) શહાદત :

ઈમામ હુસન (અલય્હિસ્સલામ)ની શહાદત પછી, ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ઈમામ બન્યા. તેઓ ત્રીજા ઈમામ છે. આપની હયાતીમાં મોઆવિયા મરી ગયો અને તેની પછી તેનો નાજાએઝ પુત્ર યઝીદ સત્તા ઉપર આવ્યો. યઝીદ અન્યાયી અને ઝાલીમ હતો. તે મઝહબની વાતોમાં માનતો ના હતો. તે તેના રાક્ષસી અને ઘાતકી કૃત્યો માટે જાણીતો હતો. સત્તા ઉપર આવતાવેત જ તે ઇસ્લામનાં કાયદાઓ અને નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરવાં

માંડયો. તે પોતાને ખલીફા અને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો વારસ કહેવડાવવા લાગ્યો. પોતાના આ ખોટા કાર્યોનું સમર્થન કરવા અને પોતાને ઇસ્લામના સત્તાધિશ માનવા (એટલે કે બયઅત કરવા) માટે તેણે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ઉપર દબાણ કરવાનો નિર્ણય કર્યો.

જો યઝીદ જેવો ગુનેહગાર અને નીચ માણસ ખલીફા બની જાય તો પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની પહેલાના જમાનામાં હતા તેવી રીતે લોકો યઝીદે ઘડી કાઢેલા બિન ઇસ્લામિક કાયદાઓ

અને માન્યતાઓને અનુસરવા લાગે. તેથી ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ઉપર માનવા હક્કો અને ઇસ્લામની સુરક્ષા કરવાની જવાબદારી આવી પડી.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ યઝીદની ખીલાફતનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. તેના હુકમોને માનવાનો પણ ઇનકાર કર્યો. આથી ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) મદીનામાં શાંતિથી રહી શકયા નહિ, અને તેઓએ મક્કા હિજરત કરી જવું પડ્યું.

મક્કામાં પણ યઝીદે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને શહીદ કરી નાખવા કાવત્રા ગોઠવ્યા. તેથી ઈમામ હુસૈન

(અલય્હિસ્સલામ)એ ચાહ્યું કે અલ્લાહનાં ઘરની હુરમત બરબાદ ના થાય તે માટે આપ (અલય્હિસ્સલામ)એ મક્કા પણ છોડી દીધું.

એ સમય સુધી કુફાના લોકોએ યઝીદની ખીલાફતનો સ્વીકાર કર્યો ન હતો. તેથી કુફાના લોકોએ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) પાસેથી માર્ગદર્શન લેવા માટે તેઓ (અલય્હિસ્સલામ)ને કુફા પધારવાનું આમંત્રણ આપ્યું. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) પોતાની સાથે અમુક યુવાનો, સ્ત્રીઓ અને બાળકો અને પોતાના ખાસ વફાદાર મિત્રોને સાથે લઈને કુફા તરફ

જવા માટે રવાના થયા. તેઓ (અલય્હિસ્સલામ)ને માર્ગમાં યઝીદના લશ્કરે ઘેરી લીધા. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) પોતાના પવિત્ર નાના (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના દીન, દીને ઈસ્લામને બચાવવા માંગતા હતા. તેથી તેઓએ યઝીદના શૈતાની લશ્કરનો મુકાબલો કરવાનું નક્કી કર્યું. ઈરાકમાં આવેલા કરબલાના મેદાનમાં ત્રણ દિવસની ભૂખ અને તરસ સહન કર્યા પછી ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) અને તેઓના સાથીદારો બહાદુરી પૂર્વક લડ્યા અને દસમી મોહર્રમ હી. ૬૧નાં શહાદતના દરજ્જે પહોચ્યા.

મોહર્રમની દસમી તારીખને આશુરાનો દિવસ કહેવામાં આવે છે. દર વર્ષે આશુરાના દિવસે દુનિયાભરના મુસલમાનો મજલીસ વગેરે અઝાદારીના કાર્યક્રમોનું આયોજન કરીને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) અને તેમના સાથીદારોની શહાદત અને ઝુલ્મનાં મુકાબલાની યાદગાર મનાવે છે. ઇસ્લામની સલામતી માટે જે શહીદોએ કુરબાની આપી તેની યાદમાં ગમ મનાવવામાં આવે છે. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ ઇસ્લામ માટે જે શહીદી આપી તેનો નમૂનો દુનિયાના ઇતિહાસમાં જોવા મળતો નથી. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું છે કે :

“અલ્લાહની રાહમાં કુરબાની આપવી એ એક નેઅમત છે, અને બાતીલને તાબે થઇ જવામાં ઝીલ્લત સિવાય બીજું કશું નથી.”

પ્રશ્નો :

૧. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ કરબલામાં કુરબાની શા માટે આપી. ?

૨. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદતની તારીખ અને હિજરી વર્ષ જણાવો.

3. અલ્લાહની રાહમાં કુરબાની આપવા વિશે ઈમામ (અલય્હિસ્સલામ)એ શું ફરમાવ્યું ?

૪. દસમી મોહર્રમને કયો દિવસ કહેવામાં આવે છે ? આ દિવસે દુનિયાભરમાં શું થાય છે ?

# (૫) કરબલાનો બનાવ

મોઆવિયાનો પુત્ર યઝીદ (લા.અ.) માનવના રૂપમાં એક શયતાન હતો. યઝીદ જયારે તેના પિતા મોઆવીયાના વારસ તરીકે સતા પર આવ્યો ત્યારે તેને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) પાસે બયઅતની માંગણી કરી. પોતાને ખલીફા તરીકે માનવાનો આગ્રહ કર્યો, પરંતુ ઈમામે તેમ કરવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. કારણ કે યઝીદનો ખલીફા તરીકે સ્વીકાર કરવો એ શયતાનને ખુદા માનવા સમાન હતું.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ યઝીદની બયઅત કરવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. એટલે યઝીદે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને શહીદ કરી નાખવાના પ્રયત્નો શરૂ કર્યા. તેથી ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને મક્કાથી હિજરત કરી જવી પડી.

એ અરસામાં ઈરાકના કુફા શહેરનાં લોકોએ યઝીદનો ખલીફા તરીકે સ્વીકાર કર્યો ન હતો. તેથી તે લોકોએ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને હકની હિદાયત કરવા માટે કુફા પધારવાનું નિમંત્રણ આપ્યું. જયારે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને મક્કામાં

પોતાના જીવનું જોખમ લાગ્યું ત્યારે તેઓ (અલય્હિસ્સલામ) કુફા વાસીઓના નિમંત્રણનો સ્વીકાર કરીને કુફા તરફ જવા માટે રવાના થયા. યઝીદ (લાઅનતુલ્લાહ)ને જાણવા મળ્યું કે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) કુફા તરફ જવા માટે રવાના થયા છે, ત્યારે તેણે પોતાના લશ્કરને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને ઘેરી લેવા માટે મોકલ્યું. કુફાના લોકોએ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને આમંત્રણ આપીને બોલાવ્યા હતા. પરંતુ યઝીદે કુફાના ગવર્નર (રાજયપાલ) તરીકે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદને મોકલ્યો, ત્યારે તેઓ ખુબજ નિરાશ

થયા કારણ કે ઉબૈદુલ્લાહ ખુબજ ક્રૂર માણસ હતો.

કુફા તરફ જવા માટે રવાના થતા પહેલા ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ તેઓના પિતરાઈ ભાઈ હઝરત મુસ્લિમ બિન અકીલને કુફા મોકલ્યા હતા. પરંતુ ઉબૈદુલ્લાહે હઝરત મુસ્લિમ (અલય્હિસ્સલામ)ને શહીદ કરી નાખ્યા હતા.

હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને કુફા પહોંચતા પહેલા માર્ગમાં જ હઝરત મુસ્લિમની શહાદતના સમાચાર મળ્યા. એ સમાચાર જાણીને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને ખુબજ દુ:ખ થયું.

યઝીદના લશ્કરે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) અને તેઓના કાફલાને માર્ગમાં જ ઘેરી લીધો. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નાં લશ્કરને ઘેરી લેનાર યઝીદના લશ્કરના સેનાપતિનું નામ હુર હતું. જયારે હુરનું લશ્કર ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના લશ્કરને ઘેરી લેવા માટે તેઓની પાસે પહોચ્યું ત્યારે હુરના લશ્કરના તમામ સિપાહીઓ તરસથી તરફડતા હતા. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ હુરના લશ્કરને જોઈએ તેટલું પાણી આપ્યું. એટલુજ નહિ, ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નાં લશ્કરે હુરના લશ્કરના તમામ ઘોડાઓને પણ

પાણી પીવરાવ્યું. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) એટલા ઉદાર હતા કે તેઓએ પોતાના દુશ્મનોને પણ તરસ્યા રહેવા દીધા ન હતા. પોતાને તથા પોતાના લશ્કરને પાણી પીવરાવવા માટે હુરે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નો આભાર માન્યો અને કહ્યું કે તેને હુકમ આપવામાં આવ્યો છે કે તેઓ (ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને મદીના કે કુફા તરફ જવા દેવા નહિ. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ ત્રીજો માર્ગ પસંદ કર્યો અને તેઓ ઈરાકના કરબલા નામના રણ મેદાન તરફ જવા રવાના થયા.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને ઘેરી કરબલાના મેદાન તરફ જવાની ફરજ પાડવા બદલ હુરે કરબલાના મેદાનમાં દસમી મોહર્રમે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની માફી માંગી. એટલું જ નહિ, હુર યઝીદનું લશ્કર છોડીને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નાં નાનકડા લશ્કરમાં જોડાઈ ગયો. તેઓ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) વતી યઝીદના લશ્કર સાથે લડ્યા અને શહાદતને દરજ્જે પહોચ્યા.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) હી.સ.૬૧ની મોહર્રમની બીજી તારીખે કરબલાના મેદાનમાં પહોચ્યા હતા. કરબલા

કુફાથી ૭૦ કી.મી દૂર આવેલું છે. તેઓએ કરબલાની જમીન ૬૦,૦૦૦ (સાઈઠ હજાર) સોનાના સિક્કા આપીને તેના માલિકો પાસેથી ખરીદી કરી હતી. એ વખતે યઝીદે બીજું લશ્કર મોકલીને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) સામે ૧૦મી મોહર્રમે લડાઈ કરી હતી. યઝીદના લશ્કરમાં ૮૦,૦૦૦ (એંશી હજાર)થી પણ વધુ સૈનિકો હતા.

યઝીદનું લશ્કર ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના માત્ર ૭૨ લોકોના નાનકડા લશ્કર સાથે લડવા માટે એકઠું થયું હતું. કરબલાના મેદાનમાં ફુરાત નામની એક નદી વહે છે. ઈમામ હુસૈન

(અલય્હિસ્સલામ)ના લશ્કરે પહેલા ફુરાત નદીના કિનારા ઉપર પડાવ નાખ્યો હતો. પરંતુ યઝીદના લશ્કરે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના લશ્કરને તે જગ્યાએથી બળજબરીપૂર્વક હટાવી દીધું. એટલુ જ નહિ યઝીદના લશ્કરે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના લશ્કરના કોઈ સિપાહી જે ઈમામ (અલય્હિસ્સલામ)ના કોઈ કુટુંબીજનોની ફુરાત નદીમાંથી પાણી લેવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો. મોહર્રમની સાતમી તારીખે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના તંબુઓમાં પાણી ખલાસ થઇ ગયું. નાના

નાના બાળકો તરસને કારણે (પાણી પીવા માટે) આક્રંદ કરવા લાગ્યા.

આશુરાની રાત્રે હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ તેઓના સાથીદારોને ભેગા કરીને ફરમાવ્યું કે : આવતી કાલે દુશ્મનો સાથે લડાઈ થશે. ઇસ્લામ માટે અલ્લાહની રાહમાં કુરબાની આપવાનો સમય આવી ગયો છે. ઈમામ (અલય્હિસ્સલામ)એ પોતાના સાથીદારો પૈકી કોઈને ચાલ્યા જવું હોય તો ચાલ્યા જવા માટે પરવાનગી આપી. પરંતુ ઈમામ (અલય્હિસ્સલામ)નાં બધાજ સાથીદારો વફાદાર હતા. તેથી કોઈ સાથીદાર આપણે છોડી જવા માટે તૈયાર ન થયા.

આશુરાની રાત્રે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) અને તેમના સાથીદારો આખી રાત અલ્લાહ તઆલાની ઈબાદત કરવામાં વ્યસ્ત રહ્યા. ત્રણ દિવસની ભૂખ અને તરસ પછી, બીજે દિવસે રોજે આશુર, એટલે કે દસમી મોહર્રમ હી. સ. ૬૧ના દિવસે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના સાથીદારો એક પછી એક, ઈમામ (અલય્હિસ્સલામ)ની પરવાનગી મેળવીને દુશ્મનોના મુકાબલા માટે મૈદાનમાં ગયા અને શહાદાતને દરજ્જે પહોચ્યા.

ત્યારપછી ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના કુટુંબીજનો એ ઇસ્લામના

રક્ષણ માટે કુરબાની આપી. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નાં કુટુંબીજનોમાં તેઓના યુવાન પુત્ર હઝરત અલી અકબર, તેઓના ભાઈ હઝરત અબ્બાસ, તેઓના ભત્રીજા કાસીમ (હઝરત ઈમામ હસન (અલય્હિસ્સલામ)ના ફરઝંદ) અને હઝરત ઔન અને હઝરત મોહમ્મદ (બીબી ઝયનબ સલામુલ્લાહે અલય્હાનાં પુત્રો)નો પણ સમાવેશ થતો હતો.

આશુરાના દિવસે, બપોરના (નમાઝે અસ્ર)નાં સમયે, ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) સાવ એકલા હતા. તેઓના છ માસની વયના નાનકડા બાળક અલી

અસગર પણ શહીદ થઇ ચુકયા હતા. એ વખતે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના ફરઝંદ ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) બીમાર હતા. અને લડી શકે તેમ ન હતા. તેથી પુરૂષોમાં ફક્ત હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) બાકી રહ્યા હતા. છેલ્લે હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ઇસ્લામના દુશ્મનોનો સામનો કરવા માટે મેદાનમાં આવ્યા અને આપ (અ.સ) શહીદ થયા પછી આપના ફરઝંદ ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) ઈમામે વક્ત તરીકે આવ્યા.

# (૬) કરબલાના બનાવથી મળતો બોધપાઠ

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) તથા તેઓ (અલય્હિસ્સલામ)ના સાથીદારોએ કરેલ જેહાદ અને કરબલામા આપેલી શહાદતથી આપણે નીચે મુજબના સબક મેળવી શકીએ છીએ.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ વાત જાણતા કતા કે દુશ્મનો તેઓ (અલય્હિસ્સલામ) માટે પાણી બંધ કરી દેશે. તેમ છતાં જયારે દુશ્મનોના લશ્કરના માણસો તરસ્યા હતા ત્યારે તેઓને પાણી પીવરાવ્યું

હતું. આનાથી આપણને એ સબક મળે છે કે દુશ્મનોને પણ ખાવા, પીવાનું આપવું જોઈએ.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ એ વાતનો સબક આપ્યો છે કે દરેક મુસલમાને બાતિલ સામે લડવું જોઈએ. ઝુલ્મ સામે અણગમો રાખવો જોઈએ અને ઇસ્લામનું રક્ષણ કરી મુસ્લિમ સમાજને ઝુલ્મથી બચાવવા જોઈએ. સાચો મુસલમાન એ છે જે ઇસ્લામનું રક્ષણ કરવા માટે કુરબાની આપવા તૈયાર રહેતો હોય.

કરબલાના બનાવ દ્વારા ઈમામ (અલય્હિસ્સલામ)એ એ વાતનો પણ સબક આપ્યો છે કે અપમાનભર્યા જીવન કરતા

મૌત સારૂં છે. ઝાલીમ સત્તાધીશના ઝુલ્મની સામે ઝૂકી જવા કરતા મૌતનો સામનો કરવાનું પસંદ કરવું જોઈએ.

**પ્રશ્ન : કરબલાના બનાવથી શું બોધપાઠ મળે છે ?**

## (૭) અહલુલ - કિસા વચ્ચે સંબંધ

અહલુલ - કિસા એટલે કે પંજેતન પાંચ છે.

જેઓના નામ નીચે મુજબ છે :

૧) પયગંબર હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)

૨) ઈમામ અલી (અલય્હિસ્સલામ)

૩) જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)
૪) ઈમામ હસન (અલય્હિસ્સલામ)
૫) ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)

પયગંબર હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ઇસ્લામના અંતિમ પયગંબર છે. તેઓ તમામ પયગમ્બરોના સરદાર છે. જનાબે ફાતેમાં (અલય્હિસ્સલામ) તેઓના પુત્રી છે. તેણી “નૂરાની સ્ત્રી” અને “દુનિયાની તમામ સ્ત્રીઓની સરદાર” તરીકે પણ ઓળખાય છે. ઈમામ અલી (અલય્હિસ્સલામ) પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના પિતરાઈ ભાઈ અને જમાઈ છે. તેઓ

પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના વારસદાર અને પહેલા ઈમામ છે. ઈમામ અલી (અલય્હિસ્સલામ)ની શાદી જનાબે ફાતેમાં (સલામુલ્લાહે અલય્હા) સાથે થઇ હતી. હઝરત ઈમામ હસન (અલય્હિસ્સલામ) અને હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) તેમના પુત્રો છે. ઈમામ હસન (અલય્હિસ્સલામ) બીજા ઈમામ છે. અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ત્રીજા ઈમામ છે. તેઓ બંને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના નવાસા અને જન્નતના જવાનોના સરદાર છે.

આ પાંચ વ્યક્તિઓને પંજેતન અથવા અહલુલ - કિસા કહેવામાં આવે છે. જેનો અર્થ ચાદર નીચેની વ્યક્તિઓ તેવો થાય છે.

હદીસે - કિસા અથવા ચાદરનો પ્રસંગ બન્યા પછી ઉપરની પાંચેય યક્તિઓ પંજેતન અથવા અહલુલ કિસા તરીકે ઓળખાય છે. એ પ્રસંગની રિવાયત જનાબે ફ઼ાતેમા (સલામુલ્લાહે અલય્હા)એ પોતે નીચે પ્રમાણે નોંધી છે :

એક દિવસ હઝરત પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) ચાદર નીચે હતા. ત્યારે તેઓના મોટા નવાસા ઈમામ હસન (અલય્હિસ્સલામ)

આવ્યા. તેઓ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની રજા લઈને ચાદર નીચે ગયા. ત્યાર પછી તેમના નાના નવાસા હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) આવ્યા. તેઓ પણ ચાદર નીચે ગયા. છેવટે જનાબે ફાતેમા (સ.અ)ને પણ પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ચાદરની નીચે બોલાવ્યા. જયારે પાંચેય પવિત્ર હસ્તીઓ ચાદર નીચે ભેગી થઇ ત્યારે પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ અલ્લાહની બારગાહમા અર્ઝ કરી, “અય અલ્લાહ, આ મારી એહલેબયત છે. તેઓથી તમામ પ્રકારની નજાસત

(બુરાઈઓ)ને દૂર રાખજે.” ત્યારપછી અલ્લાહ તઆલા તરફથી નીચે પ્રમાણે કુરઆનની આયત જીબ્રઈલ મારફત નાઝિલ થઇ. “અય અહલેબયત (પયગંબર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ઘરવાળાઓ),અલ્લાહ તમોને તમામ અપવિત્રતાથી દૂર રાખી સંપૂર્ણ રીતે પાક રાખવા માંગે છે.

કુરઆને મજીદની ઉપરની આયત, આયતે તતહીર તરીકે જાણીતી છે. અને હદીસે કિસાનો બનાવ બન્યા પછી પાંચેય પંજેતન અહલુલ - કિસા તરીકે ઓળખાય છે.

પ્રશ્નો :-

(૧) હદીસે - કિસાનો પ્રસંગ ટૂકમાં વર્ણવો.

(૨) આયતે તતહીર લખો.

(૩) અહલુલ કિસા કોણ કોણ છે ?

## (૮) ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)

(૧) નામ : અલી (અલય્હિસ્સલામ)

(૨) લકબ : ઝયનુલ આબેદિન

(૩) કુન્નીયત : અબુ મોહમ્મદ

(૪) વિલાદત : મદીનામાં, પાંચમી શાબાન, હિજરી સન ૩૮

(૫) પિતાનું નામ : હુસૈન ઈબ્ને અલી (અલય્હિસ્સલામ)

(૬) માતાનું નામ : શહરબાનું ઈરાનનાં બાદશાહ (યઝદે જર્દ બીજા)ની પુત્રી

(૭) શહાદત : ૫૭ વર્ષની વયે મદીનામાં વદીલ બિન અબ્દુમલિક મરવાને ઝેર આપીને શહીદ કર્યા. તા. ૨૫ મોહર્રમ હિજરી સન ૯૫.

## (૧) બાળપણ :

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)એ તમના બાળપણના બે વર્ષ તેમના દાદા ઈમામ અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ) સાથે પસાર કર્યા હતા. ત્યારપછીના દસ વર્ષ તેઓના કાકા

ઈમામ હસન (અલય્હિસ્સલામ) સાથે પસાર કર્યાં હતા. અને બાકીના ૨૨ વર્ષ તેઓના પિતા હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) સાથે વિતાવ્યા હતા. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદત પછી ૩૪ વર્ષ સુધી ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) ઈમામ રહ્યા હતા. અને ૫૭ વર્ષની વયે તેઓ (અલય્હિસ્સલામ)ની શહાદત થઇ હતી.

બાળપણમાં એક દિવસ ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) બીમાર પડ્યા. ત્યારે તેમના પિતા ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)એ તેઓને તેમની કોઈ

ઈચ્છા હોય તો વ્યક્ત કરવા કહ્યું. ત્યારે ઈમામ (અલય્હિસ્સલામ)એ જવાબ આપ્યો કે તેઓની ઈચ્છા એ છે કે "અલ્લાહ તેઓને એવા લોકો સાથે રાખે જે અલ્લાહના હુકમની વિરૂદ્ધ કોઈ કામ કરતા ન હોય." ઈમામ (અલય્હિસ્સલામ)ના આ જવાબથી ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ખુબજ ખુશ થયા.

પ્રશ્નો :

(૧) ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)એ બિમારીમાં પોતાની ઈચ્છા શું દર્શાવી ?

(૨) ઈમામ અલી બિન હુસૈન (અલય્હિસ્સલામ) એ તેમના જીવનના વર્ષો કોની કોની સાથે વિતાવ્યા ?

## (૧) સદગુણ :

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) તેઓના જમાનામાં ઇલ્મ અને ઇબાદતમાં અજોડ હતા. તેઓ મહાન આલિમ અને આબિદ હતા. તેઓ હંમેશા અલ્લાહની ઇબાદતમાં મશગુલ રહેતા. તેથી લોકો તેઓને ઝયનુલ આબેદીન એટલે કે "ઈબાદત કરનારાઓની શોભા" અને

“અસ્સજ્જાદ” એટલે કે “સિજદા કરનાર”નાં લકબથી ઓળખતા હતા. વઝુ કરતી વખતે તેઓ (અલય્હિસ્સલામ) અલ્લાહના ખોફથી એટલું બધું રડતા કે તેઓની આંખોમાંથી સતત અશ્રુધારા વહેતી અને આંખો સુજી જતી. તેઓ માઅસુમ (એટલે કે પહેલેથી છેલ્લે સુધી બેગુનાહ) હતા, તેથી તેઓ માટે ગુનાહ કરવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. તેઓનો આ અમલ આપણા બોધપાઠ માટે હતો. નમાઝ પઢતી વખતે તેઓ નમાઝમાં એટલા બધા મશગુલ થઈ જતા કે તેઓની એકાગ્રતામાં બહારની કોઈ બાબતથી ખલેલ પહોચતી નહી. એટલે સુધી કે નમાઝની

હાલતમાં તેઓને સાપ ડંખ મારતો તેની પણ ખબર પડતી નહી.

એક દિવસ ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) નમાઝ પઢી રહ્યા હતા. તેવામાં તે ઘરમાં આગ લાગી. લોકોએ બુમરાણ મચાવીને ઈમામ (અલય્હિસ્સલામ)ને ઘરની બહાર નીકળી જવા કહ્યું. પરંતુ ઈમામ (અલય્હિસ્સલામ) તેઓની નમાઝ પૂરી કર્યા પછી જ બહાર નીકળ્યા. લોકોએ ઈમામ (અલય્હિસ્સલામ)ને પૂછ્યું કે તેઓ કયા કારણોસર સળગતા મકાનમાં આગની વચ્ચે રોકાઈ રહ્યા હતા ? ત્યારે ઈમામ (અલય્હિસ્સલામ) જવાબ

આપ્યો કે તેઓ (અલય્હિસ્સલામ)ને દુનિયાની આગ કરતા જહન્નમની જવાળાઓનો વધારે ડર હતો. ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) એક દિવસ અને રાત કુલ એક હજાર રકાત નમાઝ કરતા હતા. જયારે નમાઝનો સમય થતો ત્યારે તેઓનું આખું શરીર ધ્રુજતું, તેઓનો ચહેરો પીળો પડી જતો અને તેઓનું શરીર ઝાડના પાંદડાની જેમ થરથર ધ્રુજતી.

તેઓનો એક લકબ “ઝુસ સફનહ” છે. એટલે કે ચામડી સખત થઇ હોય તેવી વ્યક્તિ છે. ઈમામ (અલય્હિસ્સલામ)નું કપાળ, હથેળી, ઘૂંટણ અને અંગુઠાઓની

ચામડી સતત સિજદાઓ કરવાને કારણે સખત થઇ જતી અને તેની ઉપર જામી જતા પડને વારંવાર કપાવવા પડતા. તેથી તેઓને આ લકબ આપવામાં આવેલ હતો.

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને જયારે પણ અલ્લાહ તરફથી કોઈ નેઅમત મળતી ત્યારે તેઓ સિજદામાં પડી જતા. એટલે કે શુક્રનો સિજદો અદા કરતા. કુરઆને મજીદની તિલાવત કરતી વખતે જયારે તેઓ (અલય્હિસ્સલામ) સિજદાના ઉલ્લેખવાળી કોઈ આયત સાંભળતા ત્યારે પણ સિજદામાં પડી જતા. જયારે તેઓ તેમની કોઈ વાજિબ નમાઝ પૂરી

કરતા ત્યારે સિજદો કરતા. જયારે તેઓ કોઈને મદદ કરતા અથવા તો કોઈની સમસ્યા ઉકેલી આપતા ત્યારે પણ શુક્રનો સિજદો કરતા. તેઓ સતત સિજદા કરતા રહેતા. તેઓ સતત સિજદા કરતા રહેતા હોવાથી તેઓ “અસ સજ્જાદ” કહેવાતા. એ જમાનામાં લોકો કહેતા કે “અમે કુરેશ લોકોમાં ઈમામે સજ્જાદ (અલય્હિસ્સલામ) કરતા વધારે સારો માણસ કોઈ જોયો નથી.”

ઈમામ (અલય્હિસ્સલામ) હંમેશા બિમાર, હાજતમંદ અને ગરીબ લોકોની સંભાળ લેતા. ઈમામ (અલય્હિસ્સલામ) રાત્રિના અંધકારમાં પૈસા અથવા અનાજ

અથવા કયારેક લાકડા લઈને નીકળતા અને તે વસ્તુઓને ગરીબ લોકોના ઘરે જઈને પહોચાડી દેતા. આ વસ્તુઓ આપવા જતી વખતે તેઓ (અલય્હિસ્સલામ) પોતાનો ચહેરો છુપાવી રાખતા જેથી લોકો તેઓને ઓળખી શકે નહી. તેઓ વફાત પામ્યા ત્યાં સુધી લોકોને એ વાતની ખબર પડી ન હતી કે તેઓને મદદ કરવા માટે કોણ આવતું હતું.

ઈમામ (અલય્હિસ્સલામ)ને ગરીબ, અનાથ અને અપંગ લોકો સાથે બેસીને જમવામાં બહુજ ખુશી અનુભવતા. લોકો સાથે તેઓ સુંદર વર્તન રાખતા

ઈમામ (અલય્હિસ્સલામ) દર મહિને તેઓના ગુલામો તથા કનીઝોને ભેગા કરતા અને કહેતા કે : “તમારામાથી જે કોઈ શાદી કરવા ઈચ્છતું હોય તેની હું શાદી કરાવી આપીશ. જેઓને (ગુલામ તરીકે) વેચાઈ જવું હોય તેને હું વેચી દઈશ અને જેમને આઝાદ થઇ જવું હોઈ તેને હું આઝાદ કરી દઈશ.’’

એક દિવસ એક ગુલામ પોતાના હાથમાં મોટુ વાસણ લઈને આવી રહ્યો હતો. તે વાસણ છટકીને ઈમામ (અલય્હિસ્સલામ)ના એક ફરઝંદ ઉપર પડયું. જેના કારણે તે બાળકને ઈજા થઇ. આ બનાવથી ગુલામ ખુબજ ગભરાઈ ગયો. પરંતુ

ઈમામ (અલય્હિસ્સલામ)એ તેને કહયું. “હું જાણું છે કે આ કામ તે જાણી જોઇને કર્યું નથી. ગભરાઈશ નહી હું તને માફ કરૂં છું.’’

એક દિવસે એક માણસે ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને અપશબ્દો કહી આપનું અપમાન કરી નાખ્યું. ઈમામ (અલય્હિસ્સલામ)એ તેને જવાબ આપ્યો : “તું જે કાઈ કહી રહયો છે તે સાચું હોય તો ખુદાવંદે આલમ મને માફ કરે અને જો તું જે કહી રહ્યો છે તે જુઠું હોય તો ખુદા તને માફ કરે’’

લોકો ઈલ્મે દિન પ્રાપ્ત કરે તે વિશે ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) હંમેશાં આતુર રહેતા. તેઓ મુસ્લિમો અને ખાસ કરીને બાળકોને ઇલ્મ મેળવવા માટે ખુબજ પ્રોત્સાહિત કરતા. એક દિવસ તેઓએ બાળકોના એક સમુહને અભ્યાસ કરતા જોયું. તે જોઇને ઈમામ (અલય્હિસ્સલામ) બહુજ ખુશ થયા. બાળકો ઈમામ (અલય્હિસ્સલામ)ને સલામ કરી. ઈમામ (અલય્હિસ્સલામ)એ તેઓને જવાબ આપ્યો. ત્યાર પછી આપે ફરમાવ્યું : “બાળકોએ ખુબજ ધ્યાન દઈને ઇલ્મ પ્રાપ્ત કરજો. આજે તમે નાના છો. પરંતુ આવતીકાલે યુવાન

અને મોટા થઇ જશો. તમે જે ઇલ્મ મેળવો તેમાંથી માનવ જાતને ફાયદો પહોચાડવાની વાતને હંમેશા ધ્યાનમાં રાખજો.”

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)નાં સુંદર ચારિત્ર્યથી આપણને નીચેની બાબતો શીખવા મળે છે :

- અલ્લાહની ઈબાદત અને અલ્લાહના ખૌફ (ડર)નું મહત્વ.
- ગરીબો, જરૂરતમંદો અને ગુલામો સાથે કેવું વર્તન કરવું જોઈએ.
- કોઈ આપણું અપમાન કરે તો તેની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ.
- ઇલ્મ મેળવવાનું મહત્વ.

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)નાં જીવનમાંથી આપણે નીચે મુજબની બાબતો પણ શીખી શકીએ છીએ :

- જે લોકો કદી અલ્લાહના હુકમની નાફરમાની ન કરતા હોય તેવા લોકો પાસે જ આશા રાખવી જોઈએ.
- આપણે હંમેશા દરેક પ્રસંગોએ અલ્લાહની ઈબાદત અને તેનો શુક્ર અદા કરવો જોઈએ.
- આપણે હંમેશા ગરીબ, હાજતમંદ, અપંગ અને અનાથ લોકોની ભલાઈ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

- જો કોઈ અજાણતાથી આપણને નુકશાન પહોંચાડે અથવા ભૂલ કરે તો તેને માફ કરી દેવા જોઈએ.

- આપણે શક્ય તેટલું વધારે ઇલ્મ મેળવવા પ્રયત્નો કરવા જોઈએ.

- જે ઇલ્મ મેળવવાથી માનવજાતને ફાયદો થતો હોય તેવું ઇલ્મ જ ફાયદાકારક છે.

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ના માનનારાઓ તરીકે આપણી એ ફરજ છે કે આપણે તેઓએ આપેલા બોધપાઠ ઉપર અમલ કરવો જોઈએ.

પ્રશ્ન :- ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ના જીવનમાંથી આપણને શું શીખવા મળે છે ? તેમાંથી કોઈ પણ બે વાત જણાવો.

### (3) કરબલામાં :

જયારે હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) કરબલા ગયા ત્યારે ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) તેઓની સાથે હતા. પરંતુ તેઓ બહુ જ બીમાર હતા. કરબલાના બનાવ વખતે તેઓ (અલય્હિસ્સલામ) મોટાભાગના સમયમાં બેભાન અને જેહાદ કરવા માટે અશક્તિમાન

હતા. અલબત્ત, કરબલાના કરૂણ બનાવ પછી હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અને તેઓના ફરઝંદ ઈમામ મોહમ્મદ બાકીર (અલય્હિસ્સલામ) (જેઓ ખુબજ બાલ્યાવસ્થામાં હતા.) સિવાય બીજા કોઈ પુરૂષ બચ્યા ન હતા.

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) એવા ઈમામ હતા જેઓને ખુબજ મુશ્કેલીઓ અને તકલીફોનો સામનો કરવો પડયો હતો. કરબલાના બનાવ વખતે તેઓએ તેઓના પિતા, ભાઈઓ, ભત્રીજાઓ, પિતરાઈ ભાઈઓ, બીજા સગા સબંધીઓ, મિત્રો અને ગુલામોને નિર્દય રીતે શહીદ થતા

જોયા હતા. ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) એટલા બધા બીમાર હતા કે બીબી ઝયનબ સલામુલ્લાહે અલય્હા (ઈમામ હુસૈન અલય્હિસ્સલામના બહેન)એ કેટલીક વખત તેઓની જિંદગી બચાવી હતી. તેણીએ ઈમામની કેટલીક ફરજો પણ બજાવી હતી.

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદત પછી યઝીદના લશ્કરે (અલ્લાહની લાનત થાય એ દુશ્મનોઓ પર કે જેણે) ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ના હાથ અને પગમાં બેડીઓ તથા ગળામાં તીક્ષ્ણ અણીવાળો તૌક

પહેરાવી દીધો હતો. શું તમે એ વાતની કલ્પના કરી શકો છો કે જે ઈમામ દુશ્મનો સાથે પણ દયા અને માનવતાભર્યું વર્તન કરતા હતા. તેઓની બળબળતા રણમાં ઝુલ્મ, યાતના અને જખમોના કારણે કેવી હાલત થઇ હશે ?

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને સ્ત્રીઓ અને બાળકો સાથે કેદી બનાવીને શામ (દમાસ્કસ) લઇ જવામાં આવ્યા. ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)એ શામમાં એક સુંદર ખુત્બો (પ્રવચન) આપ્યો. જે સાંભળીને લોકો સાચી હકીકત, યઝીદના દુષ્ટ કૃત્યો તેમજ ઈમામ

હુસૈન (અલય્હિસ્સલામ) અને તેઓના બોતેર સાથીદારો નિર્દોષ હોવાનું જાણી શકયા. ત્યારપછી યઝીદે, ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને તમની સાથેની સ્ત્રીઓ અને બાળકો સાથે શામના કેદખાનામાં પૂરી દીધા.

જયારે યઝીદે એ જોયું કે ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને કેદખાનામાં રાખવાનો લોકો વિરોધ કરી રહ્યા છે. અને આ બાબત પોતાની સત્તા માટે જોખમરૂપ છે ત્યારે તેણે ઈમામ ઝયનુલ (અલય્હિસ્સલામ) અને તેઓ સાથે જે સ્ત્રીઓ અને બાળકો હતા એ બધાયને કેદમાંથી મુક્ત

કરી દીધા. ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) અનેક ગમ અને મુસીબત ઉઠાવ્યા પછી તેમના ફુઈ જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) અને બીજી સ્ત્રીઓ અને બાળકો સાથે મદીના પાછા ફર્યા.

## (૪) કરબલાની કરૂણ ઘટના પછીના બનાવ :

ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) મદીના પાછા ફર્યા. ત્યારપછી મદીનામાં તેઓની પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો. તેઓને કોઈ ખુત્બા (પ્રવચનો) આપવાની પરવાનગી ન હતી.

એહલેબૈત (અલય્હિસ્સલામ)ને માનનારાઓ અથવા ચાહનારાઓને બેગુનાહ કત્લ કરી નાખવામા આવતા હતા. કયારેક સાવ નાનકડા ગુનાહ માટે પણ શિયાઓને કત્લ કરી નાખવામાં આવતા. તેથી ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) તેઓની પહેલાના ઈમામોની જેમ તબ્લીગ કરી શકયા નહી. આમ છતાં, આપણા ઈમામ તરીકે તેઓએ નીચે મુજબની ત્રણ મુખ્ય ફરજો બજાવવાની હતી :

(૧) તે જમાનાના લોકોને એ વાતથી વાકેફ કરી દેવા કે તેઓ (અલય્હિસ્સલામ) જમાનાના ઈમામ છે કેમકે તે જમાનામાં ઘણા

લોકોને હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) પછી કોણ ઈમામ છે, તે વાતની જાણકારી ન હતી.

(૨) વિવિધ જૂથોમાં વિખરાયેલા મુસલમાનોને એક કરવા.

(૩) ઇસ્લામની સાચી તાલીમનું લોકોને માર્ગદર્શન આપી તેનો પ્રચાર કરવો.

ઉપરના ત્રણેય મુદાઓ અંગે. ઈમામ (અલય્હિસ્સલામ)એ નીચે પ્રમાણેની જુદીજુદી રીતથી અમલ કર્યો હતો :

## (૧) પોતે જમાનાના ઈમામ છે, તે વાતથી લોકોને વાકેફ કરવા.

એક વખત ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) મક્કામાં હતા. ત્યારે મક્કામાં મસ્જિદુલ હરામમાં ખાનએ કાઅબાની આજુબાજુ લોકોનો એક મોટો સમૂહ એકઠો થયો હતો. ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) ખાનએ કાઅબા પાસે ગયા અને પવિત્ર પથ્થર હજરે અસ્વદને સલામ કરી. અલ્લાહ તઆલાના હુકમથી હજરે અસ્વદે સલામનો જવાબ આપ્યો અને એ વાતની સાક્ષી આપી કે "તેઓ

(અલય્હિસ્સલામ) ઈમામે બરહક અને હઝરત ઈમામ હુસેન (અલય્હિસ્સલામ)ના સાચા વારસદાર છે.” તે વખતે ત્યાં હાજર રહેલા તમામ લોકોએ આ અવાજ સાંભળ્યો. આ મોઅજીઝાથી ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)એ પોતાના કોઈ પણ મુસલમાનના જીવને જોખમમા મુકયા વગર એ વાત સાબિત કરી દિધી કે તેઓ જમાનાના ઈમામ છે.

## (૨) મુસલમાનોની એકતાના પ્રયત્નો :

કરબલાના કરૂણ બનાવ પછી ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) તેમના

પિતા ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) અને બીજા શહીદો માટે મજલિસોનું આયોજન કરતા. ઈમામ (અલય્હિસ્સલામ) આપના કુટુંબીજનોની શહાદતની યાદમાં મજલીસોનું આયોજન કરતા ત્યારે તે ઝમાનાની ઝાલીમ સરકાર કોઈ વાંધો લઇ શકતી નહી.

લોકો મોટી સંખ્યામાં મજલિસો સાંભળવા માટે એકઠા થતા. આ રીતે ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) અઝાદારી માટે લોકોને ભેગા કરીને યઝીદના ઘાતકી કૃત્યોને જાહેર કરતા. આ પ્રમાણે મજલિસોના આયોજનની શરૂઆત ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)એ કરી

હતી. સૌથી પહેલી મજલિસ કૈદખાનામાથી છુટ્યા બાદ જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલચ્હા)એ શામમાં કરી હતી.

## (3) લોકોમાં તબ્લીગ અને માર્ગદર્શન :

ઈમામ ઝયનુલ આબેદીન (અલચ્હિસ્સલામ)એ દુઆઓ મારફતે તબ્લીગ કરી હતી. દુઆ કરવામાં કોઈ કશો વાંધો લઇ શકે તેમ ન હતું. કારણ કે દુઆ એ તેઓનું અલ્લાહને સીધું સંબોધન છે. દુઆ મારફત તેઓએ તાલીમ આપી છે. ઈમામ ઝયનુલ આબેદીન (અલચ્હિસ્સલામ)ની તે ઝમાનાની દુઆઓ એટલી બધી વિખ્યાત અને લોકપ્રિય

થઇ ગઈ હતી કે તે દુઆઓ આજ સુધી મૌજુદ છે. ઈમામ (અલય્હિસ્સલામ)ની ઘણી દુઆઓ જુદા જુદા વિષયોને લગતી છે. તેઓની બધી દુઆઓ ભેગી કરીને કિતાબ સ્વરૂપે સાચવવામાં આવી છે. જેનું નામ "સહિફએ - કામેલા" છે. તે કિતાબને 'સહીફએ સજ્જાદિયા' અથવા 'ઝબૂરે-આલે-મોહંમદ'ના નામે પણ ઓળખવામાં આવે છે. આ દુઆઓનો અમૂલ્ય સંગ્રહ ઇલ્મનો ખજાનો છે. ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)એ તે દુઆમા વાપરેલી ભાષા અતિસુંદર છે. એ દુઆઓ મારફત ઈમામ (અલય્હિસ્સલામ) તે જમાનાના

મોઅમીનોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સહિફએ - કામેલાની સૌથી વધારે વિખ્યાત દુઆ જે અખ્લાક વિશેની છે તેનું નામ દુઆ-એ-મકારેમુલ અખ્લાક છે. સહિફએ કામેલા અને સહીફએ સજ્જાદિયા કિતાબો ગુજરાતી ભાષામાં પણ પ્રકાશિત થયેલ છે.

### (૫) શહાદત :

યઝીદ (લાઅનતુલ્લાહ)નાં મૌત પછી તેનો પુત્ર મોઆવીયા બીજો તેનો વારસદાર બન્યો. તે આશરે ચાર માસ સુધી સત્તા ઉપર રહ્યો. તેની પછી મરવાન અને પછી તેનો

પુત્ર અબ્દુલ મલિક પછી તેનો પુત્ર વલીદ (લાનતુલ્લાહ) સત્તા ઉપર આવ્યો.

એક વખત વલીદ હજ પઢવા માટે ગયો. ત્યાં લોકોનો ખુબજ ધસારો હતો. વલીદ હજરે-અસ્વદને ચુંબન કરવા માંગતો હતો. પરંતુ લોકો તેને જગા આપતા ન હતા. તેની પાછળ ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) આવ્યા. લોકોએ તેઓ (અલય્હિસ્સલામ)ને જગા કરી આપી. એટલું જ નહિ તેઓએ હજરે અસ્વદને ચુંબન કરી લીધું ત્યાં સુધી લોકો એક બાજુ ઉભા રહ્યા. વલીદ આ જોઈ રહ્યો હતો. તે આ બનાવથી નારાજ થયો. લોકોએ તેને ઈમામ

(અલય્હિસ્સલામ)ની જેમ માન ન આપ્યું. તેથી તેને ખુબજ ઈર્ષા થઇ. તેને એ વાતનો ડર હતો કે ઈમામ (અલય્હિસ્સલામ)ની લોકપ્રિયતા વધી જશે તો પોતાના હાથમાંથી સત્તા ચાલી જશે. તેથી વલીદ ઇબ્ને અબ્દુલ મલિકે ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને ઝેર અપાવી દીધું. ઈમામ (અલય્હિસ્સલામ)ને ગુસ્લ અને કફન તેઓના ફરઝંદ ઈમામ મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)એ આપ્યું. તેઓને તેઓના કાકા અને સસરા ઈમામ હસન (અલય્હિસ્સલામ)ની બાજુમાં જન્નતુલ બકીમાં દફન કરવામાં આવ્યા છે.